


# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 199
Dt.: 25-05-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### વૈશ્વિક અર્થતંત્ર માટે સૌથી મોટી રાહત

# ઈરાનનો નિર્ણય, આગામી ૩૦ દિવસમાં ખુલી જશે હોર્મુઝની ખાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભારે તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે વૈશ્વિક અર્થતંત્ર માટે એક ખૂબ જ મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. વિશ્વભરમાં ઈંધણની કટોકટી સર્જનારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અંગે ઈરાને એક મોટો યુ-ટર્ન લીધો છે, જેનાથી ભારત સહિત સમગ્ર દુનિયાને મોટી આર્થિક રાહત મળશે.

વૈશ્વિક તેલ સપ્લાયની લાઈફલાઈન ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈને ઈરાન તરફથી એક ખૂબ જ મહત્વના સમાચાર આવ્યા છે. ઈરાન સરકારના સત્તાવાર નિવેદન અનુસાર, આગામી ૩૦ દિવસમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પહેલાંની જેમ જ સંપૂર્ણપણે સામાન્ય થઈ જશે. આ દરિયાઈ માર્ગેથી હવે કોઈ પણ પ્રકારના અવરોધ વિના તમામ દેશોના જહાજો સરળતાથી અવરજવર કરી શકશે. યુદ્ધના કારણે દુનિયાભરમાં સર્જાયેલા તેલના સંકટ વચ્ચે આ સમાચારને વૈશ્વિક બજાર માટે એક સંજીવની સમાન માનવામાં આવી રહ્યા છે.

આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને આખી દુનિયાને ચોંકાવી દીધી છે. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે લખ્યું છે કે, અમેરિકા, ઈરાન અને આ ક્ષેત્રના અન્ય દેશો વચ્ચે એક ઐતિહાસિક સમજૂતી લગભગ નક્કી થઈ ચૂકી છે. આ ડીલ હેઠળ હોર્મુઝના દરિયાઈ માર્ગને ફરીથી સંપૂર્ણપણે ખોલવામાં આવશે અને ટૂંક સમયમાં જ આ અંગે સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવશે.

આ વૈશ્વિક સમજૂતી પાછળ અન્ય દેશોની મધ્યસ્થતા પણ કામ કરી રહી છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે જણાવ્યું છે કે તેમના દેશે ઈરાનના નેતાઓ સાથે ખૂબ જ સકારાત્મક વાતચીત કરી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે આગામી રાઉન્ડની બેઠક ખૂબ જ ટૂંક સમયમાં યોજાવા જઈ રહી છે. બ્રિટનના વડાપ્રધાન કિર સ્ટાર્મરે પણ આ પ્રગતિને આવકારી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે દુનિયાને અત્યારે એક એવા કરારની જરૂર છે જે આ યુદ્ધનો અંત લાવે અને હોર્મુઝના માર્ગને કાયમ માટે સુરક્ષિત બનાવે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પહેલાંની જેમ શરૂ થવાથી સૌથી વધુ રાહત ભારતને મળશે. ભારત પોતાની જરૂરિયાતનું ૮૦ ટકાથી વધુ ક્રૂડ ઓઈલ વિદેશથી આયાત કરે છે, જેનો એક બહુ મોટો હિસ્સો આ હોર્મુઝના દરિયાઈ માર્ગેથી જ ભારત આવે છે. યુદ્ધના ડરને કારણે અત્યાર સુધી જહાજો આ ટૂંકો માર્ગ ટાળીને લાંબા રૂટ પરથી ફરીને આવતા હતા. જેના કારણે દરિયાઈ વીમો અને ટ્રાન્સપોર્ટનો ખર્ચ ખૂબ વધી ગયો હતો. હવે આ રસ્તો સુરક્ષિત થતાં જ માલસામાનની હેરફેરનો ખર્ચ ઘટશે, જે સીધો જ ભારતના આયાત-નિકાસ વેપારને બૂસ્ટ આપશે અને દેશમાં તેલના ભાવ સ્થિર રાખવામાં મદદ કરશે. જો આ સમજૂતી સત્તાવાર રીતે લાગુ થઈ જશે, તો વિશ્વભરમાં તેલ અને ગેસની સપ્લાય ચેઈન ફરી મજબૂત બનશે. ક્રૂડ ઓઈલના આસમાને પહોંચેલા ભાવો પર બ્રેક વાગશે અને વૈશ્વિક બજારમાં સ્થિરતા આવશે, જેનાથી મોંઘવારીનો સામનો કરી રહેલા તમામ દેશોના અર્થતંત્રને નવી ઓક્સિજન મળશે.

### ગ્લેશિયર તૂટવાથી લોકોમાં ગભરાટ ફેલાયો

## બદ્રીનાથ ધામ પાસે કંચન ગંગામાં પર તૂટ્યું ગ્લેશિયર

**વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે ગ્લેશિયર તૂટવાથી કોઈ નુકસાન થયું નથી અને તે સામાન્ય કુદરતી ઘટના છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદુન

દર વર્ષે નીચેની તરફ સરકતો આ ગ્લેશિયર ઉનાળાની શરૂઆત અને વધતા તાપમાન સાથે ઝડપથી પીગળવા લાગે છે. ચમોલીના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સુરજીત સિંહ પંવારે જણાવ્યું કે સ્થાનિક પ્રશાસન સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. વાડિયા હિમાલય ભૂ-વિજ્ઞાન સંસ્થાનના વૈજ્ઞાનિકોના તાજા સંશોધનમાં ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. પર્યાવરણ વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર હિમાલય વિસ્તારમાં બરફવર્ષાની પદ્ધતિ સંપૂર્ણપણે બદલાઈ રહી છે. સામાન્ય રીતે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં થતી ભારે બરફવર્ષાની જગ્યાએ હવે માર્ચ અને એપ્રિલમાં વધુ બરફ પડી રહ્યો છે. તેનો સીધો પ્રભાવ પહાડોના 'વોટર બેંક' કહેવાતા ગ્લેશિયરો પર પડી રહ્યો છે. આ બદલાવને કારણે ટ્રિ લાઈન એટલે કે વૃક્ષો ઉગવાની ભૌગોલિક સીમા પણ સતત ઉપર ખસી રહી છે. આ સંશોધન જર્મનીની પ્રતિષ્ઠિત 'એપ્લાઈડ જિઓમેટિક્સ' રિસર્ચ જર્નલમાં પણ પ્રકાશિત થયું છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ હિમાલયમાં શિયાળાની સરખામણીએ ઉનાળામાં વધુ બરફવર્ષા થવાનું મુખ્ય કારણ 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ'માં આવેલી અસમાનતા છે. શિયાળામાં પશ્ચિમી વિક્ષોભ નબળો પડતા વરસાદ અને બરફવર્ષામાં ભારે ઘટાડો થઈ રહ્યો છે. જ્યારે ઉનાળામાં તે સક્રિય થતાં અસામયિક બરફવર્ષા, ભારે વરસાદ, કરા અને કુદરતી આપદીઓનો ખતરો અનેકગણો વધી ગયો છે. વાડિયા સંસ્થાનના વૈજ્ઞાનિક ડૉ. પંકજ ચૌહાનના જણાવ્યા પ્રમાણે બાગેશ્વરના પિંડારી અને કફની ગ્લેશિયરની જેમ સમગ્ર મધ્ય હિમાલય હાલમાં આ જ ઋતુપરિવર્તનનો સામનો કરી રહ્યો છે.આંકડાઓ મુજબ પિંડારી અને કફની ગ્લેશિયર વિસ્તારમાં આ વર્ષે એપ્રિલ મહિનામાં સૌથી વધુ ૧૫૮ સેન્ટીમીટર બરફ પડ્યો છે, જ્યારે માર્ચમાં ૮૪ સેન્ટીમીટર બરફ નોંધાયો હતો. તેની સામે જાન્યુઆરીમાં માત્ર ૯૬ સેન્ટીમીટર બરફ પડ્યો હતો અને ડિસેમ્બરમાં માત્ર ઊંચા વિસ્તારોમાં ચાર વખત હળવી બરફવર્ષા થઈ હતી.

## મમતાની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ સામે નવું સંકટ: પાર્ટીનું હેડક્વાર્ટર ખાલી કરવાની નોબત આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ની મુશ્કેલીઓ સતત વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. કોલકાતામાં પોતાના વર્તમાન મુખ્ય મથક (હેડક્વાર્ટર)ને લઈને પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. જે બિલ્ડિંગમાં અત્યારે સ્ઞની મુખ્ય ઓફિસ ચાલી રહી છે, તેના માલિકે પાર્ટી નેતૃત્વને આ જગ્યા ખાલી કરી દેવા માટે કહી દીધું છે. ચૂંટણીના પરિણામો બાદ આવેલી આ સમસ્યાએ મમતા બેનરજીની પાર્ટીની ચિંતાઓમાં વધારો કર્યો છે.

મળતી માહિતી મુજબ, બિલ્ડિંગના માલિકે TMCના વરિષ્ઠ નેતાઓને મૌખિક રીતે જણાવી દીધું છે કે પાર્ટી આગામી બે મહિનાની અંદર આ પ્રોપર્ટી ખાલી કરી દે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ બિલ્ડિંગ માલિકે પોતાની પ્રોપર્ટીની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી છે. આ સિવાય આ પ્રોપર્ટીના લીઝ એગ્રીમેન્ટનો સમયગાળો પણ પૂરો થઈ ગયો છે, જેના કારણે માલિકે હવે આ જગ્યા ખાલી કરાવવાનો નિર્ણય લીધો છે.

બીજી તરફ, સૂત્રોના જણાવ્યા અનુસાર, TMC નેતૃત્વએ પણ બિલ્ડિંગ માલિકને ભરોસો આપ્યો છે કે પાર્ટી ટૂંક સમયમાં જ પોતાની ઓફિસ બીજી જગ્યાએ શિફ્ટ કરી લેશે. તૃણમૂલ કોંગ્રેસે મે ૨૦૨૨માં આ ભાડાની બિલ્ડિંગમાં પોતાનું કામકાજ શરૂ કર્યું હતું. કોલકાતાના ઈસ્ટર્ન મેટ્રોપોલિટન બાયપાસની એકદમ નજીક આવેલી આ G+4 (ચાર માળની) બિલ્ડિંગમાંથી અત્યાર સુધી પાર્ટીની તમામ મુખ્ય ગતિવિધિઓ ચાલતી હતી, પણ હવે હારના આંચકા વચ્ચે પાર્ટીએ ટૂંક સમયમાં જ નવું અસ્થાયી ઠેકાણું શોધવું પડશે. અહીં એ જાણવું પણ મહત્ત્વનું છે કે ટોપ્સિયા સ્થિત TMCનું અસલી હેડક્વાર્ટર અત્યારે આધુનિક ઓફિસ તરીકે રી-ડેવલપ કરવામાં આવી રહ્યું છે. ત્યાં બાંધકામ ચાલતું હોવાને કારણે જ પાર્ટીએ અસ્થાયી રૂપે પોતાનું મુખ્યાલય આ બિલ્ડિંગમાં શિફ્ટ કર્યું હતું. પરંતુ હવે આ અસ્થાયી ઓફિસ પણ ખાલી કરવાનો વારો આવતા ચૂંટણી હારની નિરાશા વચ્ચે તૃણમૂલ કોંગ્રેસ માટે આ એક મોટો રાજકીય અને વ્યવસ્થાપકીય ઝટકો માનવામાં આવી રહ્યો છે.

### મુસ્લિમ સંગઠનો થયા એકજૂથ

## બકરી ઈદ પહેલાં મદનીની મોટી અપીલ, ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા કરી માંગ

**ગૌહત્યા વિરુદ્ધ સમાન કાયદો લાવવા અને મોબ લિંચિંગ રોકવા પીએમ તથા સીએમ યોગીને મળશે મુસ્લિમ નેતાઓ**

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

બકરી ઈદનો તહેવાર નજીક છે, ત્યારે દેશમાં એક મોટી અને મહત્વની ચર્ચા શરૂ થઈ છે. જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ ગાયને 'રાષ્ટ્રીય પ્રાણી' જાહેર કરવાની અને દેશભરમાં ગૌહત્યા સામે સમાન કાયદો લાવવાની માંગ કરી છે. આશ્ચર્યની વાત એ છે કે હવે આ માંગને દેશના અનેક મોટા મુસ્લિમ સંગઠનોનું ખુલ્લું સમર્થન મળી રહ્યું છે. આ સંગઠનોનો મુખ્ય ઉદ્દેશ્ય ગાયના નામે થતી રાજનીતિ અને મોબ લિંચિંગ જેવી હિંસક ઘટનાઓનો કાયમી અંત લાવવાનો છે. આ મુદ્દે સમાજને એક કરવા માટે મુસ્લિમ નેતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે પણ મુલાકાત કરવાની તૈયારી કરી રહ્યા છે. આ પહેલ ખાસ કરીને ઉત્તર પ્રદેશ જેવા સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, જ્યાં મુસ્લિમ વસ્તી પણ નોંધપાત્ર છે. ૨૦૨૭ માં યુપી વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. તે પહેલાં જ બકરી ઈદના અવસરે મુસ્લિમ સમુદાય દ્વારા ઉઠાવવામાં આવેલો આ અવાજ ઘણો સૂચક છે.

મુસ્લિમ સંગઠનોને આશા છે કે જો ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરી દેવામાં આવે, તો ગૌહત્યાના મુદ્દે થતું રાજકીય શોષણ અને મોબ લિંચિંગની ઘટનાઓ કાયમ માટે બંધ થઈ જશે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના શહાબુદ્દીન રઝવીએ ગાયને "રાષ્ટ્રીય પ્રાણી" જાહેર કરવાની મૌલાના અરશદ મદનીની માંગને પૂરા દિલથી ટેકો આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ આ મુદ્દે વિવિધ મુસ્લિમ સંગઠનો વચ્ચે સર્વસંમતિ સાધવાનો પ્રયાસ કરશે. આ માટે ટૂંક સમયમાં જ દિલ્હીમાં મોટા મુસ્લિમ સંગઠનોના નેતાઓની એક બેઠક યોજાશે.

આ બેઠકમાં માંગણીઓનું એક સંયુક્ત આવેદનપત્ર તૈયાર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશના ટોચના નેતૃત્વને સોંપવામાં આવશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે સરકારે આ માંગ તાત્કાલિક સ્વીકારવી જોઈએ, કારણ કે તેનાથી દેશભરમાં ગૌહત્યા અંગેની સરકારી નીતિઓમાં એકરૂપતા આવશે અને મોબ લિંચિંગ તેમજ તેના નામે થતા અત્યાચારોનો અંત આવશે.

કુરેશી સમુદાયના અગ્રણી સંગઠન 'ઓલ ઈન્ડિયા કુરેશી જમાત'ના પ્રમુખ સિરાજ કુરેશીએ પણ આ વાતમાં સૂર પુરાવ્યો છે. તેમણે કહ્યું કે બકરી ઈદ પહેલા ગાયની કુરબાનીનો મુદ્દો ફરી એકવાર રાજકીય ગરમાવો લાવી રહ્યો છે, જેનું તાજેતરનું ઉદાહરણ પશ્ચિમ બંગાળની ઘટનાઓ છે. તેમણે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગને ખુલ્લેઆમ સમર્થન આપતાં કહ્યું કે, જરૂર પડશે તો તેમનું સંગઠન આ બાબતે વડાપ્રધાનને પણ મળશે. કુરેશીએ અફસોસ વ્યક્ત કર્યો હતો કે તેમનું સંગઠન લાંબા સમયથી આ માંગ કરી રહ્યું છે, પરંતુ આજ સુધી કોઈપણ સરકારે આ દિશામાં નક્કર પગલાં લીધા નથી. ઓલ ઈન્ડિયા શિયા પર્સનલ લો બોર્ડના રાષ્ટ્રીય મહાસચિવ મૌલાના યાસુબ અબ્બાસે જણાવ્યું કે આ માંગ બિલકુલ યોગ્ય છે, પરંતુ આ મુદ્દે સરકારે પણ પ્રામાણિકતાથી કામ કરવું પડશે. સરકારે ગાય પ્રત્યે સ્પષ્ટ ઈરાદો રાખવો જોઈએ જે તેમની નીતિઓમાં દેખાવો જોઈએ. એવું ન થવું જોઈએ કે અમુક રાજ્યોમાં લોકોને બીફ ખાવાની છૂટ હોય અને બીજે ગાયના નામે લોકો પોતાના જીવ ગુમાવે.

## કેન્દ્રીય મંત્રી જીતનરામ માંઝી પર હુમલો કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના ગયાજી જિલ્લામાં એક મોટી ઘટના સામે આવી છે, જ્યાં કેન્દ્રીય મંત્રી અને હિન્દુસ્તાની આવામ મોરચા (HAM)ના પ્રમુખ જીતનરામ માંઝી પર હુમલો કરવામાં આવ્યો છે. શુક્રવારે સાંજે ખિજરસરાઈ વિસ્તારમાં એક ખાનગી શાળાના પ્રોગ્રામમાં તેઓ ભાષણ આપી રહ્યા હતા, ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ તેમના પર પથ્થરમારો કર્યો હતો. પથ્થરો કેન્દ્રીય મંત્રીની સાવ નજીક આવીને પડ્યા હતા, પરંતુ સદનસીબે તેઓ આબાદ બચી ગયા હતા. મંત્રી પર થયેલા આ પથ્થરમારાને કારણે તેમની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થયા છે. આ મામલામાં પોલીસે અત્યાર સુધીમાં બે સગીર વયના છોકરાઓની અટકાયત કરી છે. આ હુમલાની ઘટનાને કારણે પ્રશાસન અને પોલીસ વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ હતી. પથ્થરમારાની માહિતી મળતા જ આસપાસના અનેક પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને થોડીવાર માટે કાર્યક્રમ સ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સમયે હાજર લીમચક બથાનીના ડીએસપી સુરેન્દ્ર કુમાર સિંહ અને એસડીઓ કેશવ આનંદે પકડાયેલા સગીરોની પૂછપરછ હાથ ધરી હતી. જોકે, આ છોકરાઓએ કેન્દ્રીય મંત્રી પર પથ્થર કેમ ફેંક્યા તે અંગે હજુ સુધી કોઈ ખુલાસો કર્યો નથી અને પોલીસ વધુ તપાસ કરી રહી છે.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા જીતનરામ માંઝીએ જણાવ્યું હતું કે, શું આવ્યું અને શું ગયું તે મેં જોયું નથી. કેટલાક લોકો સારું કામ થવા દેવા નથી માંગતા, એટલે જ તેઓ આવું કરી રહ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે જીતનરામ માંઝીના પરિવાર પર હુમલાની આ કોઈ પ્રથમ ઘટના નથી. આ પહેલા ગત રવિવારે જ ગયાજી જિલ્લાના બારાચટ્ટી વિસ્તારના હમ પક્ષના ધારાસભ્ય અને માંઝીના વેવાણ જ્યોતિ દેવી (જ્યોતિ માંઝી) પર પણ કથિત રીતે હુમલો થયો હતો.

ગંભીરા ગામ પાસે રસ્તા પરથી ગાડી હટાવવા બાબતે થયેલા વિવાદમાં અસામાજિક તત્વોએ તેમની સાથે ગેરવર્તણૂક કરી હતી અને તેમની ગાડીના કાચ તોડવાનો પ્રયાસ કર્યો હતો.











# તંત્રી લેખ......

## શિક્ષણ અને પરીક્ષાઓ પ્રશ્નાર્થમાં

તાજેતરમાં, મેડિકલ કોલેજો માટેની પ્રવેશ પરીક્ષા, નીટ યુજી પરીક્ષા લીક થવાની માહિતી મળતાં, સરકારે તેને રદ કરવાનો અને તેને ફરીથી યોજવાનો નિર્ણય લીધો. આનાથી સ્વાભાવિક રીતે ૨.૨ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ નિરાશ થયા જેમણે પહેલાથી જ પરીક્ષા આપી હતી. તેમને ફરીથી તે જ પરીક્ષાની તૈયારી કરવાની ફરજ પડી હતી. સ્પર્ધાત્મક પરીક્ષા આપ્યા પછી, વિદ્યાર્થીઓ તણાવ વિના પરિણામની રાહ જુએ છે. આ વખતે, તેમની રાહ વધુ લાંબી થઈ ગઈ, પરંતુ તેમને ફરીથી પરીક્ષાની તૈયારી પણ કરવી પડી.

કોઈપણ વિદ્યાર્થી માટે તે જ ઉત્સાહ સાથે તે જ પરીક્ષા આપવી મુશ્કેલ છે જે તેમણે પહેલાથી આપી છે. નીટ પેપર લીક કેસમાં પરીક્ષાનું સંચાલન કરતી સંસ્થા, નેશનલ ટેસ્ટિંગ એજન્સી સામે ભારે ટીકા થઈ હતી, કારણ કે તેની તકેદારીના અભાવે આ પરીક્ષા લીક થઈ. તેમ છતાં, વિદ્યાર્થીઓના હિતોને જોખમ ન થાય તે માટે સમગ્ર પરીક્ષા રદ કરવાનો નિર્ણાયક નિર્ણય લેવામાં આવ્યો તે સારી વાત છે. જો આ પેપર લીકનો પર્દાફાશ ન થયો હોત અથવા અવગણવામાં ન આવ્યો હોત, તો લાખો વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો હોત.

આ કિસ્સામાં, પેપર તૈયાર કરનારા શિક્ષકોની સાથે, કેટલાક કોચિંગ સેન્ટરના માલિકો પણ કઠેડામાં છે. નીટ પેપર લીકની તપાસ કરી રહેલી સીબીઆઈને જાણવા મળ્યું કે પરીક્ષાના પેપર કેટલાક કોચિંગ સેન્ટરો સુધી પહોંચ્યા હતા, જેમણે પછી તેને દેશના વિવિધ ભાગોમાં વહેંચી દીધા હતા અને પૈસા કમાયા હતા. એવું લાગે છે કે કોચિંગ માફિયાએ શિક્ષણ અને પરીક્ષા બંને પર નિયંત્રણ મેળવી લીધું છે. એ નોંધવું જોઈએ કે કોચિંગ માફિયાએ અગાઉ ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કર્યા છે.

તાજેતરમાં, શિક્ષણ મંત્રાલયની સંસદીય સમિતિએ નીટ પેપર લીકના સંદર્ભમાં શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ, જેમાં શિક્ષણ સચિવ,એનટીએ ચીફ અને તેના ડાયરેક્ટર જનરલનો સમાવેશ થાય છે, ને બોલાવ્યા હતા. આ બેઠક દરમિયાન,નીટ રદ કરવાના મુદ્દાને રાજકીયકરણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કામ કરશે નહીં. સંસદીય સમિતિએ ખાતરી કરવી જોઈએ કે ભવિષ્યમાં, કોઈપણ દ્વછ પરીક્ષા સાથે ચેડા ન થાય તે માટે આવી સિસ્ટમ મૂકવામાં આવે. જ્યારે શિક્ષણ મંત્રાલયે એનટીએની સિસ્ટમ સુધારવા માટે ઘણા પગલાં લીધાં છે, પરંતુ ગતિ ધીમી રહી છે.

નીટ ૨૦૨૪ ની અનિયમિતતાઓ પછી,એનટીએની કામગીરી સુધારવા માટે રચાયેલી રાધાકૃષ્ણન સમિતિએ હજુ સુધી તેની બધી ભલામણો લાગુ કરી નથી. હવે, તેનો અમલ કરવા માટે પહેલ ચાલી રહી છે. જો અન્ય પરીક્ષા સંચાલિત સંસ્થાઓ પણ સમિતિની ભલામણોને ધ્યાનમાં લે તો સારું રહેશે, કારણ કે આપણા દેશનો સ્પર્ધાત્મક પરીક્ષા પેપર લીકનો રેકોર્ડ શરમજનક બની ગયો છે. વિકસિત દેશોમાં પરીક્ષા પેપર લીક કેમ નથી થતા? આ હાલાકી ફક્ત ભારતમાં જ કેમ જડેલી હોય તેવું લાગે છે? આપણે પરીક્ષાઓ યોજવામાં વિકસિત દેશો દ્વારા અપનાવવામાં આવતી પદ્ધતિઓ કેમ અપનાવતા નથી?

એનટીએમાં સુધારા માટે રચાયેલી રાધાકૃષ્ણન સમિતિએ ભલામણ કરી હતી કે ગેરરીતિઓ ટાળવા માટે પરીક્ષા કેન્દ્રો પર પ્રશ્નપત્રો ભૌતિક રીતે લઈ જવાની પ્રક્રિયાને દૂર કરવામાં આવે. તેના બદલે, કમ્પ્યુટર આધારિત પરીક્ષા લેવી જોઈએ, અને પરીક્ષા શરૂ થાય તે પહેલાં પ્રશ્નપત્રો ડિજિટલ રીતે પરીક્ષા કેન્દ્રો પર મોકલવા જોઈએ.

આ સમિતિએ નીટ બે તબક્કામાં યોજવાનું સૂચન કર્યું: સ્ક્રીનીંગ ટેસ્ટનો પ્રથમ તબક્કો અને મુખ્ય પરીક્ષાનો બીજો તબક્કો. આ સમિતિએ શોધી કાઢ્યું કે એનટીએ આઉટસોર્સ્ડ અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ પર ખૂબ આધાર રાખે છે. આને ધ્યાનમાં રાખીને, તેણે દ્વછ માં કાયમી નિષ્ણાતોની ભરતી કરવાની ભલામણ કરી. આ ભલામણો અનુસાર પરીક્ષા લેવાથી પેપર લીક કરનારાઓ, ખાસ કરીને કોચિંગ માફિયાઓ, પરીક્ષામાં તોડફોડ કરતા અટકાવી શકાશે.

# ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલની ૭૫મી આવૃત્તિએ દેશને એક કર્યો, અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ ડેની ભવ્ય ઉજવણીમાં ભારતનું નેતૃત્વ કરે છે

**કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને અભિનેતા આયુષ્માન ખુરાનાની સાથે કોમનવેલ્થ ગેમ્સ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું, જ્યાં CWG ડે ઉજવવા માટે સાબરમતી રિવરફ્રન્ટ પર હજારો લોકો એકઠા થયા હતા**






અમદાવાદમાં પ્રતિષ્ઠિત સાબરમતી રિવરફ્રન્ટ પરથી રાષ્ટ્રીય ઉજવણીનું નેતૃત્વ કરતા, કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને બોલિવૂડ અભિનેતા આયુષ્માન ખુરાનાની સાથે સામુદાયિક ભાગીદારી અને રમતગમતની ભાવનાના જીવંત પ્રદર્શનમાં ૫,000 સાયકલ સવારો, એથ્લેટ્સ, યુવા સ્વયંસેવકો અને ફિટનેસ ઉત્સાહીઓ સાથે જોડાયા હતા.

અમદાવાદ આવૃત્તિ, જેની થીમ "એ ન્યૂ આઈકોન ફોર અ ફિટર ઈન્ડિયા – પેડલિંગ ટુ ૨૦૩૦" હતી, તેમાં યોગ અને ઝુમ્બા નિદર્શનો સાથે ભવ્ય ૫-કિલોમીટરની સાયકલ રેલી યોજવામાં આવી હતી, જેણે સાબરમતી રિવરફ્રન્ટને ફિટનેસ, સંસ્કૃતિ અને ભારતના રમતગમતના વિકાસની ઉજવણીમાં ફેરવી દીધું હતું.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ડૉ. માંડવિયા દ્વારા એક વિશેષ કોમનવેલ્થ ગેમ્સ-થીમ આધારિત પ્રદર્શનનું ઉદ્ઘાટન હતું, જેમાં ભારતની રમતગમતની સિદ્ધિઓ, ખેલો ઈન્ડિયા મિશન હેઠળ રમતગમતના માળખાકીય સુવિધાઓનો વિકાસ અને ૨૦૩૦માં શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ તરફ દોરી રહેલી દેશની વિસ્તરી રહેલી રમતગમતની ઈકોસિસ્ટમ પ્રદર્શિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પિકલબોલ, બોક્સ ક્રિકેટ, વોલીબોલ, ટગ ઓફ વોર (દોરડા ખેંચ) અને ઘણી ઈન્ટરેક્ટિવ સામુદાયિક રમતો સહિતની આકર્ષક પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણી પણ દર્શાવવામાં આવી હતી, જેણે તમામ વય જૂથોના સહભાગીઓ માટે તહેવાર જેવું વાતાવરણ ઊભું કર્યું હતું.

અભિનેતા આયુષ્માન ખુરાના ગુરજીત કૌર, રજની એતિમારપુ, સોનિકા ટાંડી, અંજુમ મૌદગિલ, અંકુર મિત્તલ અને તૃપ્તિ મુર્ગુન્ડે સહિતના ભૂતપૂર્વ કોમનવેલ્થ ગેમ્સના ચંદ્રક વિજેતાઓ અને ઓલિમ્પિયન્સ સાથે જોડાયા હતા, જે યુવા સહભાગીઓને પ્રેરણા આપતા હતા અને ભારતના યુવાનોમાં ફિટનેસ અને રમતગમતની વધતી જતી સંસ્કૃતિને મજબૂત બનાવતા હતા.

આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજય પટેલ; ઓલિમ્પિક શૂટર અને ઝઉય ચંદ્રક વિજેતા ગગન નારંગ; શ્રી મયંક શ્રીવાસ્તવ, ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, ખેલો ઈન્ડિયા અને ઓલિમ્પિયન અને એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ આદિલ સુમારીવાલા સહિતના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો અને રમતગમતના અગ્રણીઓની ઉપસ્થિતિ પણ જોવા મળી હતી.

આ કાર્યક્રમનું એક વિશેષ સાંસ્કૃતિક આકર્ષણ જાણીતા કલાકાર શ્રી અનીશ રંગરેજ દ્વારા પ્રસ્તુત કરાયેલ યોગના વિજ્ઞાન સાથે ગરબાની પરંપરાગત ભાવનાનું અનોખું મિશ્રણ દર્શાવતું પ્રદર્શન હતું.

વધુમાં, મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યોગના ડૉ. પવન કુમાર વેલનેસ પરામર્શ અને માર્ગદર્શન સત્રો દ્વારા સહભાગીઓ સાથે જોડાયા હતા, જે સર્વગ્રાહી ફિટનેસ અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપતા હતા.

૨૦૩૦માં ઐતિહાસિક શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સના મોટા બિલ્ડ-અપના ભાગરૂપે, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (MYAS) જનભાગીદારીને ગાઢ બનાવવા અને ભારતના રમતગમતના ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે દેશભરમાં ભવ્ય, ઈન્ટરેક્ટિવ અને સમુદાય સંચાલિત પહેલોનું આયોજન કરવાનું ચાલુ રાખશે.

દેશવ્યાપી ઉજવણીનો ઉદ્દેશ્ય કોમનવેલ્થ ગેમ્સ ચળવળની આસપાસ વધુ જાગૃતિ લાવવાનો છે અને સાથે સાથે યુવાનોને ફિટનેસ, રમતગમત અને સક્રિય જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવાનો છે કારણ કે ભારત ૨૦૩૦માં ઝઉની યજમાની કરવાની તૈયારી કરી રહ્યું છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "આજે એક ખૂબ જ વિશેષ અવસર છે કારણ કે આપણે ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલની ૭૫મી આવૃત્તિ અને કોમનવેલ્થ ગેમ્સ ડે બંનેની ઉજવણી કરી રહ્યા છીએ. તે મને ગર્વ આપે છે કે ગુજરાત ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે, અને ફિટનેસ અને રાષ્ટ્ર નિર્માણ માટે વહેલી સવારે હજારો લોકોને એકસાથે આવતા જોઈને તેનાથી પણ વધુ આનંદ થાય છે.

"એક ફિટ સમાજ સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. જો આપણે સાચે જ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિકસિત ભારતના વિઝનને પૂર્ણ કરવા માંગતા હોઈએ, તો દરેક નાગરિકે ફિટનેસ અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રાથમિકતા આપવી જોઈએ. સાયકલિંગ એ માત્ર કસરત નથી, તે એક ચળવળ છે. તે આપણને ફિટ રાખે છે, પ્રદૂષણ ઘટાડે છે અને બળતણ બચાવવામાં મદદ કરે છે, જ્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની બળતણનો વપરાશ ઘટાડવાની અપીલ સાથે પણ સુસંગત છે. આપણા રોજિંદા જીવનમાં સાયકલ ચલાવવાનું અપનાવીને, ટૂંકા અંતર માટે પણ, આપણે સ્વસ્થ અને વધુ ટકાઉ ભારત તરફ યોગદાન આપીએ છીએ."

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "આજે, ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ માટે આખું અમદાવાદ શહેર જીવંત બન્યું હતું, અને ગુજરાતના લોકો તરફથી આવો જબરદસ્ત પ્રતિસાદ જોઈને હું અત્યંત ખુશ છું. હજારો નાગરિકો ફિટનેસ અને રમતગમત માટે વહેલી સવારે બહાર નીકળ્યા તે હકીકત તંદુરસ્ત જીવનશૈલી પ્રત્યે વધતી જતી જાગૃતિ અને ઉત્સાહ દર્શાવે છે."

અમદાવાદમાં જોવા મળેલી મોટા પાયે ભાગીદારીએ ગુજરાતમાં રમતગમત અને ફિટનેસ પ્રત્યેના વધતા ઉત્સાહને પણ પ્રતિબિંબિત કર્યો છે, જે ભવિષ્યમાં મોટી આંતરરાષ્ટ્રીય રમતગમતની ઈવેન્ટ્સની યજમાની માટે રાજ્યની સજ્જતાને રેખાંકિત કરે છે. નાગરિકો, એથ્લેટ્સ, યુવા સ્વયંસેવકો અને ફિટનેસ ઉત્સાહીઓના મજબૂત ટર્નઆઉટે આ પ્રદેશમાં રમતગમતની સંસ્કૃતિના ઝડપી વિકાસને પ્રદર્શિત કર્યો અને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પહેલા વૈશ્વિક રમતગમત સ્પર્ધાઓ માટેના મુખ્ય સ્થળ તરીકે અમદાવાદના ઉદભવને મજબૂત બનાવ્યો. અભિનેતા અને ફિટ ઈન્ડિયા આઈકોન આયુષ્માન ખુરાનાએ જણાવ્યું હતું કે, "આજે અહીં દરેક વય જૂથના લોકોને આટલી ઉર્જા સાથે આનંદ માણતા અને ભાગ લેતા જોઈને હું સાચે જ ખુશ છું. ફિટ ઈન્ડિયા અને આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ વચ્ચેનું જોડાણ સુંદર છે કારણ કે તે યુવા ભારતીયોમાં રમતગમતની સંસ્કૃતિને પ્રેરિત કરી રહ્યું છે. સન્ડેઝ ઓન સાયકલ એ એક ખૂબ જ રસપ્રદ અને ભવિષ્યવાદી પહેલ છે." "રમતગમત માત્ર મેડલ જીતવા વિશે નથી; તે શિસ્ત, બલિદાન અને આકાંક્ષાઓ બનાવવા વિશે છે. દરેક એથ્લેટની પાછળ આખો પરિવાર બલિદાન આપે છે અને તેમના સપનાને ટેકો આપે છે. તેમની સફળતા દેશની સફળતા બને છે. આજે અહીં ભાગ લઈ રહેલા બાળકોને જોઈને, હું સાચે જ માનું છું કે ભારતના ઘણા ભવિષ્યના ચંદ્રક વિજેતાઓ આપણી વચ્ચે છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝન અને માર્ગદર્શન હેઠળ, આ પ્રકારની પહેલો ભારતીય રમતગમતના ભવિષ્યને આકાર આપી રહી છે," તેમણે ઉમેર્યું હતું.

સમગ્ર દેશમાં, SAI પ્રાદેશિક કેન્દ્રો, નેશનલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ, ખેલો ઈન્ડિયા કેન્દ્રો અને જાહેર સ્થળોએ એકસાથે સમાન ઉજવણીઓ થઈ, જેમાં ઓલિમ્પિયન્સ, કોમનવેલ્થ ગેમ્સના ચંદ્રક વિજેતાઓ અને રમતગમતના પ્રતીકો પોતપોતાના પ્રદેશોમાં નાગરિકો સાથે જોડાયા હતા. માનનીય કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ ગુવાહાટીમાં ઉજવણીનું નેતૃત્વ કર્યું હતું, ભૂતપૂર્વ કુસ્તી સ્ટાર બબીતા ફોગાટે ધર્મશાલામાં ભાગ લીધો હતો, જ્યારે ભૂતપૂર્વ ભારતીય હોકી ખેલાડી સબા અંજુમ — જે પ્રતિષ્ઠિત ફિલ્મ ચક દે! ઈન્ડિયા પાછળની પ્રેરણાઓમાંથી એક છે — મુંબઈમાં ઉત્સવમાં જોડાયા હતા, જેણે રમતગમત જનભાગીદારીની દેશવ્યાપી ભાવનામાં ઉમેરો કર્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ ડિસેમ્બર ૨૦૨૪માં તેની શરૂઆત થઈ ત્યારથી, ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ ભારતની સૌથી મોટી સમુદાય સંચાલિત ફિટનેસ પહેલોમાંની એક તરીકે ઉભરી આવી છે, જે ૩.૦૭ લાખથી વધુ સ્થળોએ પહોંચી છે, જેમાં ૫૦ લાખથી વધુ સાયકલ સવારો જોડાયા છે અને ઓન-ગ્રાઉન્ડ તેમજ ડિજિટલ ભાગીદારી દ્વારા ૭ કરોડથી વધુ ભારતીયો સાથે જોડાણ સાધ્યું છે. સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), યોગાસન ભારત, રાહગીરી ફાઉન્ડેશન, સ્રુ બાઈક્સ અને સ્રુ ભારત સાથે મળીને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત આ પહેલ પ્રધાનમંત્રીના "ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોઝ"ના વિઝનને મજબૂત કરવાનું ચાલુ રાખે છે. અમદાવાદ ૨૦૩૦માં ઐતિહાસિક કોમનવેલ્થ ગેમ્સની યજમાની તરફ સતત આગળ વધી રહ્યું હોવાથી, આજની ઉજવણી વધુ ફિટ, મજબૂત અને વધુ મહત્વાકાંક્ષી રમતગમતના ભવિષ્ય તરફ એકસાથે સાયકલ ચલાવતા રાષ્ટ્રની શક્તિશાળી યાદ અપાવે તેવી રહી હતી.

### અમદાવાદમાં RBIના ૮.૭૦ કરોડની ચોરીનો કેસ

# ભંગારના બહાને કેશની હેરાફેરી કરતા બેંક કર્મી-સાગરીતોના CCTV મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ગાંધી રોડ સ્થિત બેંક ઓફ બરોડામાં આવેલી RBIની કરન્સી ચેસ્ટમાંથી રૂપિયા ૮.૭૦ કરોડની ચોરીના કેસમાં ચોંકાવનારો પર્દાફાશ થયો છે. જેમાં રાતોરાત અમીર બનીને વિલાસી જીવન જીવવાની લાલચમાં બેંકના જ કસ્ટોડિયન હરસિદ્ધ કડિયારે આ ગુનાને અંજામ આપ્યો હોવાનો ખુલાસો થયો છે. સમગ્ર મામલે પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

તાજેતરમાં સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં બેંકનો કસ્ટોડિયન ભંગારના ખોખાની આડમાં કરોડો રૂપિયાની રકમ બેંકની બહાર લઈ જતો સ્પષ્ટપણે જોવા મળે છે.

પોલીસ તપાસમાં મુજબ, ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ ની રાત્રે આરોપીએ સુલતાન અને ઝુલ્ફીકાર નામના બે સાગરીતોની મદદથી આરોપીએ કાવતરું પાર પાડ્યું હતું. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે જોવા મળે છે કે, આરોપીએ સિક્યુરિટી સ્ટાફને ભંગાર વેચવાનો છે તેવું બહાનું આપીને ગેરમાર્ગે દોર્યા હતા અને ચલણી નોટોથી ભરેલા ખોખા બેંકની બહાર કાઢ્યા હતા. આ ફૂટેજના આધારે પોલીસે કસ્ટોડિયનને મદદ કરનાર બંને સાથીઓની પણ અટકાયત કરી લીધી છે અને તેમની સઘન પૂછપરછ હાથ ધરી છે. RBIના રૂ.૮.૭૦ કરોડની માતબર ચોરીમાંથી પોલીસે મુખ્ય આરોપી પાસેથી રૂ.૨.૨૦ કરોડ અને અન્ય બે આરોપીઓ પાસેથી આશરે ૪૦ થી ૫૦ લાખ રૂપિયાની રોકડ જપ્ત કરી છે. હરસિદ્ધે ચોરીની રકમમાંથી ૨ કરોડનો બંગલો, રૂ.૧.૪૦ કરોડની દુકાન અને ૧૫ લાખનો છોટા હાથી ટેમ્પો ખરીદ્યો હતો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### સરકારી બેંક ખાતામાંથી પોતાના નામે ઉપાડી લીધા રૂપીયા ૩૫.૮૫ લાખ : ૫ સરકારી કર્મચારી અને ૨૦ કોન્ટ્રાકટર સહિત ૩૧ જેલ ભેગા

# મહિસાગર જિલ્લાના ૧૨૩ કરોડના નલ સે જલ કૌભાંડમાં વધુ બે ની ધરપકડ : ભ્રષ્ટાચારમાં ભાજપ કનેકશન અને સરપંચોનો ખેલ બહાર આવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ





મહિસાગર જિલ્લામાં આચરાયેલા રૂપીયા ૧૨૩ કરોડના ગંભીર અને બહુચર્ચિત નલ સે જલ યોજના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ ને વધુ એક મોટી સફળતા મળી છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે કડક કાર્યવાહી કરી કૌભાંડમાં સીધી સંડોવણી ધરાવતા એક સરપંચ કમ કોન્ટ્રાકટર અને એક સરપંચ પતિ સહિત વધુ બે શખ્સોની ધરપકડ કરી છે. આ સાથે જ આ કરોડોના ભ્રષ્ટાચારમાં અત્યાર સુધી જેલના સળીયા પાછળ ધકેલાયેલા આરોપીઓનો કુલ આંકડો ૩૧ પર પહોચી ગયો છે. મળેલી માહિતી મુજબ આ કરોડોના ભ્રષ્ટાચારમાં સત્તાધારી પક્ષ ભાજપનુ વધુ એક કનેકશન સત્તાવાર રીતે બહાર આવ્યુ છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જેની ધરપકડ કરવામાં આવી છે. તે સરપંચ કમ કોન્ટ્રાકટર નરેન્દ્ર મંગળભાઈ પટેલ ભાજપના સક્રિય કાર્યકર અને તાલુકા એટીવીટી સમિતિના સભ્ય છે. નરેન્દ્ર પટેલ કોઠંબા તાલુકાના વાળીનાથ ગામના સરપંચ પણ છે. તપાસમાં બહાર આવ્યુ છે કે આ સરપંચ કમ કોન્ટ્રાકટર પાસેથી સરકારે કુલ રૂપીયા ૧,૧૧,૭૮,૭૭૨ (૧.૧૧ કરોડ થી વધુ ) ની વસુલાત કરવાની બાકી છે. નરેન્દ્ર પટેલે જિલ્લાના બેડીયા, ચાવડીયા, છેલા બારીયાના મુવાડા, હડમતીયા, જુની સીંગલી, ટીંબા, વાળીનાથ અને વડધરી જેવા અનેક ગામોની નલ સે જલ યોજનાઓમાં મોટી ગેરરીતી આચરી હોવાનુ બહાર આવ્યુ છે. આ ઉપરાંત સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે કોઠંબા તાલુકાના જ સીંગલી ગામના સરપંચ જશીબેન બાબુસિંહ રાઠોડ ના પતિ બાબુસિંહ રાઠોડની પણ ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યુ છે કે સરપંચ પતિ બાબુસિંહ રાઠોડે વાસ્મો અંતર્ગત અલગ અલગ પાણી સમિતિના બનેલા સરકારે બેન્ક એકાઉન્ટ્સમાંથી પોતાના અંગત નામે રૂપીયા ૩૫.૮૫ લાખ જેવી માતબર રકમ ઉપાડી લીધી હતી. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જોખા, શીવરાજપુર અને છના બારીયાના મુવાડી ગામની પાણી સમિતિઓના સરકારી ખાતામાંથી આ નાણાં અંગત સ્વાર્થ માટે ઉપાડી લેવાયા હોવાનુ પુરવાર થયુ છે. આ હાઈપ્રોફાઈલ કૌભાંડમાં હાલમાં પકડાયેલા આ બે આરોપીઓ સહિત અત્યાર સુધીમાં કુલ ૩૧ કૌભાંડીઓ જેલના સળીયા પાછળ ધકેલાઈ ચુકયા છે. જેમાં ૫ તત્કાલીન સરકારી કર્મચારીઓ,૨૦ ભ્રષ્ટ કોન્ટ્રાકટરો, ૪ ફરીયાદ સિવાયના અન્ય કર્મચારીઓ અને ૨ પાણી સમિતિના સરપંચ અથવા હોદ્દેદારોનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે આ આખા કૌભાંડમાં અત્યાર સુધીમાં ભાજપના ૪ મોટા નેતાઓની સંડોવણી સપાટી પર આવી ચુકી છે. કોન્ટ્રાકટરો અને તત્કાલીન કર્મચારીઓ બાદ હવે વચેટીયા સરપંચોની ધરપકડનો દોર શરૂ થતા જિલ્લાના ગ્રામ્ય રાજકારણમાં ભારે અફરા તફરી અને દોડધામ મચી ગઈ છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અન્ય કેટલાક શંકાસ્પદ સરપંચોને પણ પુછપરછ માટે સમન્સ પાઠવ્યા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જેને પગલે પાણી સમિતિ બનાવીને સરકારી નાણાં ચાઉ કરી જનારા ભ્રષ્ટ તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ઉઠયો છે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### "SAI NCoE ગાંધીનગર ભારતમાં પેરા સ્પોર્ટ્સ માટે અગ્રણી હાઈ-પર્ફોર્મન્સ હબ તરીકે ઉભરી રહ્યું છે": ડૉ. માંડવિયા

# કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ SAI NCoE ગાંધીનગર ખાતે સંકલિત રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું

### કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ SAI NCoE ગાંધીનગર ખાતે નેશનલ કોચિંગ કેમ્પમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે વાતચીત કરી

PIB Ahmedabad

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે SAI NCoE ગાંધીનગર ખાતે રમતગમતના અનેક નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું હતું, જે દેશભરમાં વિશ્વ કક્ષાની હાઈ-પર્ફોર્મન્સ સ્પોર્ટિંગ ઈકોસિસ્ટમ્સના નિર્માણ માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.








મંત્રીએ કેન્દ્ર ખાતે નવનિર્મિત પેરા એથ્લેટ હોસ્ટેલ (પેરા ખેલાડીઓ માટેનું છાત્રાલય), સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ (કેન્દ્રીય ભોજનાલય), સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ, મલ્ટિપર્પઝ ટ્રેનિંગ હોલ (બહુહેતુક તાલીમ હોલ) અને મેડિટેશન પાર્ક (ધ્યાન ઉદ્યાન) નું ઉદ્ઘાટન કર્યું હતું.

તાલીમ, રિકવરી (પુનઃપ્રાપ્તિ), પોષણ, સ્પોર્ટ્સ સાયન્સ (રમતગમત વિજ્ઞાન) અને માનસિક સુખાકારીમાં સંકલિત સહાય દ્વારા ખેલાડીઓની તૈયારીઓને મજબૂત કરવા માટે આ સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

ખેલાડીઓ, કોચ અને અધિકારીઓને સંબોધતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતની રમતગમતની ઈકોસિસ્ટમ ખેલાડી-કેન્દ્રિત વિકાસ અને સમાવેશી રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર સાથે પરિવર્તનકારી બદલાવમાંથી પસાર થઈ રહી છે.

મંત્રીએ કહ્યું, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ખરેખર આપણા પેરા-ખેલાડીઓના 'પરમ મિત્ર' છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે માત્ર દેશભરમાં રમતગમતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર જ નથી કર્યો, પરંતુ દરેક પેરા-ખેલાડી માટે ગૌરવ, સુલભતા, માન્યતા અને સમાન તકો પણ સુનિશ્ચિત કરી છે."

વૈશ્વિક રમતગમતમાં ભારતના ઉદય પર પ્રકાશ પાડતા ડૉ. માંડવિયાએ નોંધ્યું હતું કે ભારતે એશિયન પેરા ગેમ્સમાં ૧૧૧ મેડલ અને પેરાલિમ્પિક્સ ૨૦૨૪ માં રેકોર્ડ ૨૯ મેડલ મેળવ્યા છે, જે દેશની ઝડપથી મજબૂત થઈ રહેલી રમતગમતની ઈકોસિસ્ટમને પ્રતિબિંબિત કરે છે.

તેમણે ટિપ્પણી કરી, "તાજેતરની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં અમારું રેકોર્ડબ્રેક પ્રદર્શન એ કોઈ આકસ્મિક સિદ્ધિ નથી. આ ખેલાડીઓમાં સતત રોકાણ, વૈજ્ઞાનિક તાલીમ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ભારત વૈશ્વિક રમતગમતની મહાસત્તા બની શકે છે તેવા દ્રઢ વિશ્વાસનું પરિણામ છે."

મંત્રીએ અવલોકન કર્યું કે SAI NCoE ગાંધીનગર, જેને મંત્રાલય દ્વારા 'પેરા સ્પોર્ટ્સ માટે નોડલ સેન્ટર' તરીકે નોટિફાય કરવામાં આવ્યું છે, તે પેરા-ખેલાડીઓના વિકાસ માટે દેશના અગ્રણી હાઈ-પર્ફોર્મન્સ કેન્દ્રોમાંનું એક તરીકે ઉભરી રહ્યું છે.

આ કેન્દ્ર હાલમાં પેરા એથ્લેટિક્સ, પેરા બેડમિન્ટન, પેરા ટેબલ ટેનિસ, પેરા પાવરલિફ્ટિંગ, પેરા સ્વિમિંગ અને પેરા ફેન્સિંગ સહિત છ પેરા સ્પોર્ટ્સ વિષયોને સહાય પૂરી પાડે છે. આ સુવિધાઓનો ઉપયોગ હેન્ડબોલ, કબડ્ડી અને ખો-ખોની તાલીમ માટે પણ કરવામાં આવી રહ્યો છે.

ડૉ. માંડવિયાએ કબડ્ડી, પેરા સ્પોર્ટ્સ, વોલીબોલ અને બાસ્કેટબોલ માટે કેન્દ્ર ખાતે આયોજિત નેશનલ કોચિંગ કેમ્પમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે પણ વાતચીત કરી હતી. તેમણે અવલોકન કર્યું કે ઉચ્ચ સ્તરીય તાલીમ વાતાવરણ અને વૈજ્ઞાનિક સહાય પ્રણાલીઓનો સતત સંપર્ક ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ સહિતની ભાવિ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતની મેડલ જીતવાની સંભાવનાઓને મજબૂત કરશે.

મંત્રીએ ઉમેર્યું, "પેરા એથ્લેટ હોસ્ટેલ, સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ જેવી સુવિધાઓ માત્ર ઈમારતો નથી; તે ભારતના ભાવિ ચેમ્પિયન્સમાં રોકાણ છે. આ સંકલિત હાઈ-પર્ફોર્મન્સ ઈકોસિસ્ટમ્સ આગામી વર્ષોમાં ભારતની રમતગમતની શ્રેષ્ઠતાની યાત્રામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે."

નવા ઉદ્ઘાટન કરાયેલા મલ્ટિપર્પઝ ટ્રેનિંગ હોલનો ઉપયોગ મુખ્યત્વે કબડ્ડીની તાલીમ માટે કરવામાં આવશે અને તે ખેલાડીઓ માટે વર્ષભર ઉચ્ચ-તીવ્રતાની પ્રેક્ટિસ, મેચ સિમ્યુલેશન અને વ્યૂહાત્મક તૈયારીઓમાં મદદરૂપ બનશે તેવી અપેક્ષા છે. આધુનિક સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ હોલ વૈજ્ઞાનિક તાલીમ પદ્ધતિઓ દ્વારા ખેલાડીઓનું પ્રદર્શન, સહનશક્તિ, રિકવરી અને ઈજા નિવારણ વધારવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

ડૉ. માંડવિયાએ વધુમાં રેખાંકિત કર્યું હતું કે પેરા એથ્લેટ હોસ્ટેલ અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયની નાણાકીય સહાયથી વિકસાવવામાં આવ્યા છે, જે સમાવેશી રમતગમતના વિકાસ અને પેરા-ખેલાડીઓના કલ્યાણ તરફ ભારત સરકારના સંકલિત અભિગમને દર્શાવે છે.

ખેલાડીઓના સર્વાંગી વિકાસના મહત્વ પર ભાર મૂકતા મંત્રીએ જણાવ્યું હતું કે આધુનિક રમતગમતની શ્રેષ્ઠતા માત્ર શારીરિક તૈયારી પર જ નહીં, પરંતુ પોષણ, માનસિક સુખાકારી, શિસ્ત અને રિકવરી પર પણ આધાર રાખે છે. તેમણે નોંધ્યું હતું કે મેડિટેશન પાર્ક અને સેન્ટ્રલાઈઝ્ડ ડાઈનિંગ હોલ જેવી સુવિધાઓ ખેલાડીઓ માટે વ્યાપક હાઈ-પર્ફોર્મન્સ ઈકોસિસ્ટમ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપશે. આ ઉદ્ઘાટન સમારોહમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ના વરિષ્ઠ અધિકારીઓ, કોચ, ખેલાડીઓ અને રમતગમત જગતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના રાજયસભામાં બેઠેલા સાંસદો બહુ કંજુસ નિકળ્યાઃ રૂ.૨૦૮ કરોડની ગ્રાન્ટ મળી પણ ખર્ચ્યા માત્ર પર કરોડ જ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાંથી રાજયસભાના ૪ સાંસદોની ટર્મ જુન મહિનામાં પુરી થવા જઈ રહી છે. મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટ લોકલ એરીયા ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ સાંસદને પોતાના રાજયમાં વિકાસના કામો માટે દર વરસે અંદાજે ૫ કરોડ રૂપીયા સુધીની ભલામણ કરવાની સત્તા મળે છે. ગુજરાતભરમાંથી રાજયસભાના ૧૧ સાંસદોએ કુલ ૨૦૮.૧૫ કરોડ રૂપીયાની ગ્રાન્ટમાંથી પર.૧ કરોડ રૂપીયાની ગ્રાન્ટનો ઉપયોગ કર્યો છે. આમ રાજયસભાના સાંસદોએ ગુજરાતમાં ગ્રાન્ટ વાપરવામાં પણ કંજુસાઈ કરી છે. આ પછી ટકાવારીને રીતે ગ્રાન્ટ નો સૌથી વધુ



ઉપયોગ કરવામાં બાબુભાઈ જે દેસાઈ ૪૪.૪૦ ટકા સાથે, બીજા નરહરી અમીન ૪૧.૧૦ ટકા સાથે, ત્રીજા શકિતસિંહ ગોહિલ ૩૨.૬૦ ટકા સાથે, ચોથા અને રામભાઈ મોકરીયા ૨૬.૨૦ ટકા સાથે પાંચમા સ્થાને છે. આ ઉપરાંત જશવંતસિંહ પરમારે ૧૮.૨૦ ટકા, એસ જયશંકર ૧૩.૨૦ ટકા, ગોવિંદભાઈ ધોળકીયાએ ૧૨.૮૦ ટકા, મયંક નાયકે ૯.૧૦ ટકા, કેસરીદેવસિંહ ઝાલાએ ૭.૧૦ ટકા ગ્રાન્ટનો ઉપયોગ કર્યો છે. કેન્દ્રીય મંત્રી જગતપ્રકાશ નડ્ડાને ૧૪.૭૦ કરોડ રૂપીયાની ગ્રાન્ટ મળી છે અને તેમાંથી તેમણે હજુ સુધી એક પણ રૂપીયો ખર્ચ કર્યો નથી.

| રાજયસભાના સાંસદો | પક્ષ | રકમ ફાળવાઈ | ખર્ચ કર્યો |
|---|---|---|---|
| રમીલાબેન બારા | ભાજપ | ૧૯.૬૦ કરોડ | ૧૫.૩૮ કરોડ |
| બાબુભાઈ દેસાઈ | ભાજપ | ૧૭.૧૫ કરોડ | ૭.૬૧ કરોડ |
| નરહરી અમીન | ભાજપ | ૧૯.૬૦ કરોડ | ૮.૦૬ કરોડ |
| શકિતસિંહ ગોહિલ | કોંગ્રેસ | ૧૯.૬૦ કરોડ | ૬.૩૯ કરોડ |
| રામભાઈ મોકરીયા | ભાજપ | ૧૯.૬૦ કરોડ | ૫.૧૩ કરોડ |
| જશવંતસિંહ પરમાર | ભાજપ | ૧૪.૭૦ કરોડ | ૨.૭૭ કરોડ |
| એસ જયશંકર | ભાજપ | ૧૭.૧૫ કરોડ | ૨.૨૫ કરોડ |
| ગોવિંદભાઈ ધોળકીયા | ભાજપ | ૧૪.૭૦ કરોડ | ૧.૮૭ કરોડ |
| મયંક નાયક | ભાજપ | ૧૪.૭૦ કરોડ | ૧.૩૩ કરોડ |
| કેશરીદેવસિંહ ઝાલા | ભાજપ | ૧૭.૧૫ કરોડ | ૧.૨૨ કરોડ |
| જે પી નડ્ડા | ભાજપ | ૧૪.૭૦ કરોડ | એકપણ રૂપીયો ખર્ચ કર્યો નથી |

એમ પી લેડ્સ ફંડ નો મુખ્યત્વે જાહેર વિકાસના કામોમાં ઉપયોગ થયો છે. મુખ્ય કામના પ્રકારમાં ગ્રામ્ય શહેરી રોડ રસ્તા, શાળાઓ, રૂમ-લેબ, આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલો, પાણીની ટાંકીઓ, પાઈપ લાઈન, સ્ટ્રીટ લાઈટ, સમુદાય ભવન, સ્મશાન , કબ્રસ્તાન, સોલાર લાઈટ, રમત ગમતની સુવિધાનો સમાવેશ થાય છે.

દર વરસે સાંસદોને વિકાસના કામો માટે ૫ કરોડ રૂપીયા સુધીની ભલામણો કરવાની સત્તા છે. એજન્સીઓ નકકી કરી આ કામ અપાવવામાં આવે છે. સાંસદ રોડ, સ્કુલ કામ માટે, હોસ્પિટલોના સાધનોની ખરીદી માટે, પાણીની ટાંકી માટે, સ્ટ્રીટ લાઈટો માટે તેમજ કોમ્યુનીટી હોલ બનાવવા માટે કામ નિયમ મુજબ છે કે નહી તે જિલ્લા કલેકટર દ્વારા ચકાસણી કરવામાં આવી છે. ટેકનીકલ એસ્ટીમેન્ટ બનાવવામાં આવે છે.

### શાકભાજી, દુધ સહિતની ચીજો મોંઘીદાટ થશે

# ગુજરાતમાં શું થવા બેઠુ છે? ડીઝલની ભયંકર અછત વચ્ચે ૧૨ લાખ ટ્રકોના પૈડા થંભી જવાની ભીતી

પ્રતિનિધિ,ગાંધીનગર

મધ્ય પૂર્વમાં અમેરીકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાની સીધી અને ઘાતક અસર હવે ગુજરાતના અર્થ તંત્ર પર દેખાવા લાગી છે. રાજયના છેલ્લા કેટલાક દિવસોથી ડીઝલના પુરવઠામાં સર્જાયેલી ભારે અછતને કારણે ગુજરાતનો લાઈફ લાઈન ગણાતો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ સંપૂર્ણપણે ભાંગી પડવાની અણી પર આવી ગયો છે.

અખીલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના જણાવ્યા અનુસાર જો ઈંધણની આ અછતને તાત્કાલીક દુર કરવામાં નહી આવે તો રાજયભરમાંથી દોડતી અંદાજે ૧૨ લાખ જેટલી ટ્રકોના પૈડા ગમે ત્યારે થંભી જશે. ગુજરાતનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અગાઉથી જ આર્થિક મંદીના માર થી પરેશાન હતો. તેવામાં ડીઝલની અછતે પડયા પર પાટુ જેવી સ્થિતિ સર્જી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે જો આ ૧૨ લાખ ટ્રકો રોડ રસ્તા પર થી હટી જશે તો તેની સીધી અસર દેશભરમાં માલ સામાનની સપ્લાય ચેઈન પર પડશે, જેને કારણે આગામી દિવસોમાં શાકભાજી, દુધ, અનાજ અને અન્ય તમામ જીવન જરૂરી ચીજ વસ્તુઓની ડીલીવરી અટકી જશે અને તેના ભાવો આસમાને પહોચી જશે તેવી ગંભીર આશંકા સેવાઈ રહી છે. પરિસ્થિતિ વણસતા ટ્રાન્સપોર્ટરોએ હવે ગુજરાત સરકાર સમક્ષ તાકીદે હસ્તક્ષેપ કરવા




ગુહાર લગાવી છે.

હાલમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ગ્રામ્ય તેમજ હાઈવે વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત કફોડી બની ગઈ છે. નેશનલ અને સ્ટેટ હાઈવે પર આવેલા મોટાભાગના પેટ્રોલ પંપો પર ડીઝલ ખાલી થઈ જતા ડીઝલનો જથ્થો ઉપલબ્ધ નથી તેવા પાટીયા લટકાવી દેવામાં આવ્યા છે. ટ્રક ચાલકોએ ડીઝલ મેળવવા માટે એક પંપ થી બીજા પંપ સુધી કિલોમીટર સુધી ભટકવુ પડી રહ્યુ છે. એટલુ જ નહી જે પંપો ચાલુ છે ત્યાં પણ મર્યાદીત માત્રામાં (લીટરની લીમીટ નકકી કરીને ) જ ડીઝલ આપવામાં આવી રહ્યુ હોવાથી લાંબા અંતરના રૂટ પર નિકળેલા ટ્રક ચાલકો અધવચ્ચે જ હાઈવે પર અટવાઈ પડયા છે. ડીઝલની આ તંગીની સીધી અસર માત્ર માલ સામાનના ટ્રાન્સપોર્ટરો પર જ નહી પરંતુ મુસાફરોની સપ્લાય પર પણ પડી છે. પર્યાપ્ત માત્રામાં ડીઝલ ન મળવાને કારણે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા વચ્ચે દોડતી ખાનગી લકઝરી ટ્રાવેલ્સ બસોની સંખ્યામાં ૩૦ ટકા જેટલો મોટો ઘટાડો થઈ ગયો છે. સંચાલકોના જણાવ્યા મુજબ ઈંધણની અનિયમિતતા વચ્ચે બસો ચલાવવી હવે આર્થિક રીતે પોસાય તેમ નથી. જો તેઓ ભાડુ વધારે તો મુસાફરોનો રોષ વહોરવો પડે અને ભાડુ ન વધારે તો મોટુ નુકશાન થાય, આ જ કારણે સૌરાષ્ટ્ર, મુંબઈ, દિલ્હી અને મધ્ય પ્રદેશ જતી આંતરરાજય ખાનગી બસોની ફીકવન્સી ૨૫ થી ૩૦ ટકાનો ઘટાડો ઝીંકી દેવામાં આવ્યો છે.

એક તરફ સરકાર અને તંત્ર એવો દાવો કરી રહ્યા છે કે પેટ્રોલ -ડીઝલનો પુરતો જથ્થો ઉપલબ્ધ રાખવા માટે આયોજન કરાયુ છે. પરંતુ જમીની હકીકત કંઈક જુદી જ છે. પેટ્રોલ પંપ એસોસીએશનના સભ્યોનુ કહેવુ છે કે કંપનીઓ તરફથી હવે ૫-૫ દિવસે માંડ એક ટેન્કર સપ્લાય મળી રહી છે. અપુરતા જથ્થાને કારણે પંપ માલીકો ટુવ્હીલર કે કારમાં લીમીટેડ પેટ્રોલ ડીઝલ આપવા મજબુર બન્યા છે. તો બીજી તરફ અછતની અફવાઓ અને ડરના કારણે સામાન્ય વાહન ચાલકો પંપ પર આવીને ટાંકી ફુલ કરાવવાનો આગ્રહ રાખે છે. જેના લીધે પંપના કર્મચારીઓ અને ગ્રાહકો વચ્ચે રોજીંદી રકઝક અને વિવાદો થઈ રહ્યા છે. રાજયમાં અચાનક પેટ્રોલ અને ડીઝલની માંગમાં ૩૫ થી ૪૦ ટકા જેટલો મોટો ઉછાળો નોંધાયો છે. જેના કારણે સપ્લાય સિસ્ટમ પર ભારે દબાણ આવ્યુ છે. કટોકટી એટલી વધી ગઈ છે કે ગાંધીનગરમાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં પણ આ મુદ્દો ચર્ચાના કેન્દ્રે રહ્યો હતો.

# મને મયંક નાયકથી નફરત છે, પહેલા પ્રશાંત કોરાટ અમને પગે પડતોઃ તારી છઠ્ઠીનું ધાવણ તું બતાવજેઃ તારા જેવા ૧૭ દુશ્મનોને પિન્ટુ પી ગયા, વાયરલ વિડીયોથી ભાજપમાં ભુકંપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપનુ એપી સેન્ટર ગણાતા મહેસાણામાં હાલ એક બાદ એક નવા વિવાદો બહાર આવી રહ્યા છે. એઆઈ ના દૌર માં હાલ કથિત રીતે ભાજપના નેતાઓની એક બાદ એક ઓડીયો કિલપ વાયરલ થઈ રહી છે. જેનુ કેન્દ્ર સ્થાન મહેસાણા છે, જેમાં સૌથી પહેલા મહેસાણાના ભાજપના કોર્પોરેટર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અંગે અપમાનજનક ટીપ્પણી કરતા હોવાનો કથિત ઓડીયો હાલ વાયરલ થઈ રહ્યો છે. ત્યારબાદ વધુ એક ઓડીયો કિલપ વાયરલ થઈ છે,



વાયરલ થયેલી બીજી ઓડીયો કિલપમાં કથિત રીતે મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ ભાજપ કાર્યકર મૌલિકને ફોન પર રાજયસભા સાંસદ મયંક નાયક વિશે અને પ્રશાંત કોરાટ વિશે સોશીયલ મીડીયામાં પોસ્ટ ના મુકવા માટે ખખડાવી રહ્યા છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ વિશે અપમાનજક શબ્દો બોલતી ઓડીયો કિલપનો વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિની ઓડીયો કિલપ વાયરલ થઈ છે. મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તૃષાબેન પટેલ ના પતિ પિન્ટુ પટેલ રાજયસભાના સાંસદ મયંક નાયક વિશે અપમાનજક શબ્દો બોલી રહ્યા છે. સોશીયલ મીડીયામાં મયંક નાયકની મુકેલી પોસ્ટ બાબતે પિન્ટુ પટેલે મહેસાણા તાલુકાના મોટીદાઉ ગામના ભાજપના કાર્યકર મૌલિકને ફોન કરીને ખખડાવ્યો હતો, મહેસાણા જિલ્લામાં ઓડીયો કિલપ વાયરલ થતા ભાજપમાં આંતરીક જુથવાદ હોવાનુ બહાર આવ્યુ છે. પિન્ટુ પટેલ રાજયસભા સાંસદ મયંક નાયક, પ્રદેશ ભાજપના મહામંત્રી પ્રશાંત કોરાટ સહિતના ભાજપના નેતાઓ માટે અપમાનજનક શબ્દો બોલી રહ્યા છે. મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તૃષા પટેલના પતિ પિન્ટુ પટેલ, હરેશભાઈ અને ભાજપના સ્થાનિક કાર્યકર મૌલિક વચ્ચેની વાતચીતની વિવાદીત ઓડીયો કિલપ હાલ સોશીયલ મીડીયામાં વાયુવેગે વાયરલ થઈ રહી છે. આ કથિત ઓડીયો કિલપમાં મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તૃષાબેન પટેલના પતિ પિન્ટુ પટેલ ભાજપના સ્થાનિક કાર્યકર મૌલિકને રાજયસભા સાંસદ મયંક નાયક અંગે પોસ્ટ મુકવા બદલ ખખડાવી રહ્યા છે.

મૌલિક મારી વાત સાંભળી લે જે, મને નાયક થી નફરત છે, મારા વગર તું એમ કહેતો હોય કે તું મોતીદેવ ગામનો શકિત કેન્દ્રનો ઈન્ચાર્જ બની બતાવુ તો બની બતાય, હું રાજકારણ છોડી દઈશ, હું સ્ટેમ્પ પેપરમાં લખી આપુ છું તમને અનુકુળ હોય તેમ કર, ભાજપના કાર્યકર મૌલિક કહે છે પિન્ટુભાઈ એવુ કંઈ નથી, ખાલી બ્રો ખોલી એમ જ ફોટો મુકયો છે, તો બીજી મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે કે મને નાયક થી નફરત છે, તું ફોન રેકોર્ડ કરીને મયંકને સંભળાવજે, મયંક નાયક મારા માટે જીરો છે, પિન્ટુભાઈ રાજકારણ છોડશે, બાકી નાયકના પગે નહી લાગે, તો બીજી તરફ ભાજપ કાર્યકર મૌલિક કહે છે મારે આવી રીતે રાજકારણમાં એન્ટ્રી નથી મારવી, મારે એવુ તમારી વિરૂધ્ધ કંઈ કરવુ નથી, મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે કે મને તારા જેવુ નથી આવડતુ કે હું એની પોસ્ટ અને સ્ટોરી મુકુ, મૌલિક કહે છે મેં શું કર્યુ, મેં ખાલી સ્વામિનારાયણની પોસ્ટ મુકી હતી, તો બીજી તરફ મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે છોડ ને સ્વામિનારાયણ નહી ખુદ ભગવાન મયંક નાયકને મળવા આવે તો પણ હું એની પોસ્ટ ના મુકુ,

મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિ પિન્ટુ પટેલ કહે છે સ્વામિ મૌલિકભાઈ લાઈન ઉપર છે, વાત કરો , મેં મૌલિકને એવુ કીધુ તે આજે પણ મયંક નાયકની પોસ્ટ મુકી, કાલે પણ મયંક નાયકની પોસ્ટ મુકી હતી, મૌલિક સાંભળે જ છે કોન્ફરન્સ હોલ માં, મૌલિક હું તને ઓળખતો નથી, હું હરેશભાઈને ઓળખુ છું, તારામાં તાકાત હોય તો મોતીદેવના શકિત કેન્દ્રનો ખાલી ઈન્ચાર્જ બની બતાવ, હું તને ૨૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર પર લખીને આપુ કે પિન્ટુભાઈ અને એમના મીસીસ આજીવન રાજકારણ છોડી દેશે, અત્યારે હાલ હરેશભાઈને લખીને આપી દઉ, મૌલિકને કહું છું, તું જેના પર કુદતો હોય મૌલિક તો ખોડ ભુલી જજે, તું મેયરના પાસે ફોટા પડાવ, જગદીશ વિશ્વકર્મા જોડે ફોટા પડાવ, એ બધુ હું જાણુ છું, જગદીશ વિશ્વકર્મા જોડે ફોટા પડાવવાનો ૫ લાખ રૂપીયા ખર્ચો છે. આ તો હરેશભાઈએ કીધુ એટલે મે તને ફોટા પડાવવા દીધો, મૌલિક તને નહી દઉ, પિન્ટુભાઈના પેટનુ પાણી પણ નહી હલે, તારા જેવા ૧૭ દુશ્મનો પિન્ટુભાઈ પી ગયા છે, આ લેવલે પહોચવામાં, તું મારો ૧૮ મો દુશ્મન છે.

# ગાંધીનગર પોલીસ લાઈનમાં આવાસ કૌભાંડ : ૧૦૬૧ જવાનો રાહ જોઈ રહ્યા છેઃ નિવૃત્ત કર્મચારીઓએ જમાવ્યો છે અડીંગો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસ જવાનો પોતે જ હવે આવાસ ની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગાંધીનગર પોલીસ લાઈનમાં કાયદેસર રીતે સરકારી આવાસ મેળવવા માટે ૧૦૬૧ જેટલા પોલીસ કર્મચારીઓ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. તો બીજી તરફ અનેક સરકાર ફલેટો પર નિવૃત્ત અથવા બદલી પામેલા કર્મચારીઓએ અનધિકૃત રીતે કબ્જા જમાવી રાખ્યો હોવાનુ બહાર આવ્યુ છે. સરકારી નિયમો મુજબ કોઈપણ પોલીસ કર્મચારીની બદલી થાય અથવા નિવૃત્તિ બાદ ૩ મહિનાની અંદર સરકારી આવાસ ખાલી કરવુ ફરજીયાત છે. તેમ છતાં ગાંધીનગર ના વિવિધ સેકટરોમાં આવેલા પોલીસ આવાસો માં ઘણા પરીવારો હજુ પણ ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો પોલીસ કર્મચારીઓ પાસે ગાંધીનગરમાં પોતાના ખાનગી ફલેટ હોવા છતાં



તેઓ સરકારી આવાસ ખાલી કરી રહ્યા નથી, આ પરિસ્થિતિને કારણે હાલ ફરજ બજાવતા કોન્સ્ટેબલો અને સબ- ઈન્સ્પેકટરોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. પાત્રતા હોવા છતાં સરકારી આવાસ ન મળતાં અનેક જવાનોને ખાનગી મકાનોમાં મોંઘુ ભાડુ ચુકવી રહેવુ પડી રહ્યુ છે. પોલીસ હેડ કવાર્ટરમાં છેલ્લા કેટલાક વરસોથી આવાસોની યોગ્ય ચકાસણી ન થતા હાલની સ્થિતિ વધુ ગંભીર બની હોવાનુ કહેવાઈ રહ્યુ છે.

ગાંધીનગર પોલીસ વિભાગના આવાસના આંકડા મુજબ હાલ ૧૦૬૧ પોલીસ જવાનો આવાસ ફાળવણીની રાહ જોઈ રહ્યા છે. રહેઠાણની અછત હવે ગંભીર સ્તરે પહોચી છે. જેના કારણે નવા ભરતી થયેલા અને બદલી થઈને આવેલા જવાનોને ભારે મુશ્કેલી પડી રહી છે. પોલીસ બેડામાં એવુ ચર્ચાઈ રહ્યુ છે કે નિયમો હોવા છતાં ગેરકાયદે રીતે સરકારી આવાસોમાં રહેતા લોકો સામે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી, હવે નજર પોલીસવડા દ્વારા આ મામલે કડક ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે કે નહી તેના પર નજર છે. ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસ જવાનો પોતે જ હવે આવાસની સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

# તળાજાના સરતાનપર દરિયામાં એક જ પરિવારના ૩ બાળકો ડૂબ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગર જિલ્લાના તળાજાના સરતાનપર બંદર નજીક દરિયામાં નાહવ ગયેલા એક જ પરિવારના ત્રણ માસૂમ બાળકો દરિયાના તેજ પ્રવાહ અને ઉછળતા મોજાની ઝપેટમાં આવી જતાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ અકસ્માતમાં બે બાળકોના કરુણ મોત નિપજતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.મળતી માહિતી અનુસાર, બાળકોને દરિયાના પાણીમાં ડૂબતા જોઈ કિનારે ઉભેલા સ્થાનિક લોકો અને પરિવારજનોએ ભારે બૂમાબૂમ કરી મૂકી હતી, જેને પગલે કિનારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાસ્થળે હાજર સ્થાનિક માછીમારો અને લોકોએ તાત્કાલિક દરિયાના પાણીમાં ઝંપલાવ્યું હતું. તેમણે ભારે જહેમત બાદ ત્રણ બાળકો પૈકીની એક બાળકીને જીવતી બહાર કાઢી લીધી હતી, જેથી તેનો આબાદ બચાવ થયો હતો. જોકે, અન્ય બે બાળકો દરિયાના કરંટમાં તણાઈને ઊંડા પાણીમાં લાપતા થઈ ગયા હતા.

ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિકો દ્વારા તળાજા ફાયર રેસ્ક્યુ ટીમને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ફાયરના જવાનોનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

આ બચાવ કામગીરીમાં સરતાનપર ગામના સરપંચ, સ્થાનિક રહીશો અને દરિયાના પાણીના પ્રવાહથી વાકેફ સ્થાનિક તરવૈયાઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. દરિયાના તોફાની મોજા વચ્ચે કલાકો સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ બંને બાળકો તરવૈયાઓને મળી આવ્યા હતા.

દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યા ત્યારે બંને બાળકો અર્ધમૂર્છિત અને અત્યંત નાજુક હાલતમાં હતા. તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર અર્થે તળાજાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

### ગુજરેરાએ ખાઈબદેલા બિલ્ડરોને ચેતવણીરૂપ આપ્યો ચુકાદો

# સમયસર ફ્લેટનો કબજો નહીં આપનારા બિલ્ડરને રૂપિયા ૪૦ લાખ ૯% ના વ્યાજ સાથે ગ્રાહકને પરત કરવાનો ગુજરેરાએ આપ્યો આદેશ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત રાજ્ય રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) જે રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગ્રાહકોના હિતોનું રક્ષણ કરે છે. એના દ્વારા એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. વડોદરા ના સેવાસી વિસ્તારમાં આવેલા ''પ્રિયા ક્રોસ રોડેસ'' પ્રોજેક્ટના બિલ્ડરે સમયસર ફ્લેટ નો કબજાનો ન આપતા રેરાએ ગ્રાહકના પક્ષમાં નિર્ણય આપ્યો છે. રેરા ઓથોરીટીના સભ્ય ડો.એમ.ડી.મોડિયાની કોરમ સમક્ષ ચાલેલી સુનાવણીમાં પ્રોજેક્ટના પ્રમોટર મેસર્સ શિરીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ગ્રાહકને રૂપિયા ૪૦ લાખની સંપૂર્ણ રકમ વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે પરત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

આ કેસની વિગત મુજબ ફરિયાદી રેશમા કનૈયાલાલ અશનાની એ સેવાસી ગામના ટી.પી સ્કીમ નંબર-૩ ખાતે આવેલી ''પ્રિયા ક્રોસ રોડેસ'' સ્કીમમાં ફ્લેટ નંબર મ-૬૦૪ રૂપિયા ૪૦ લાખમાં બુક કરાવ્યો હતો. તારીખ ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ રજિસ્ટર્ડ વેચાણ કરાર કરવામાં આવ્યો હતો. ફરિયાદી એ રૂપિયા ૫ લાખ ચેક મારફતે અને બાકીના રૂપિયા ૩૫ લાખ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની હાઉસિંગ લોનથી ચૂકવ્યા હતા.

કરાર મુજબ બિલ્ડરે ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ફ્લેટનો કબજો આપવાનો હતો પરંતુ બિલ્ડર સમયસર BU પરમિશન મેળવી શક્યા ન હોતા. અંતે વડોદરા મહાનગરપાલિકાએ ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ BU પરમિશન આપ્યું હતું. લાંબા વિલંબ અને બાંધકામની ગુણવત્તાના પ્રશ્નોને કારણે ગ્રાહકે રેરા એક્ટની કલમ-૧૮(૧) હેઠળ રિફંડ માટે અરજી કરી હતી. કેસમાં બેંક લોન જોડાયેલી હોવાથી વિશેષ આદેશ આપ્યો છે કે બિલ્ડરે ૪૫ દિવસમાં રૂપિયા ૪૦ લાખ અને તેના પરનું ૯ ટકા વ્યાજ સીધું ફરિયાદીના SBI હાઉસિંગ લોન ખાતામાં જમા કરાવવું પડશે. બેંકને પણ સૂચના આપવામાં આવી છે કે, લોનની બાકી રકમ સમાયોજિત કર્યા બાદ વધતી રકમ ફરિયાદીને પરત કરવી.

ગુજરેરાના આ નિર્ણયથી સ્પષ્ટ થયું છે કે, ગ્રાહકો પાસેથી રૂપિયા લઈને સમયસર ફ્લેટનો કબજો ન આપનાર બિલ્ડરો હવે કરારની શરતોના બહાને ડિપોઝિટ જપ્ત કરી શકશે નહીં. રેરાના આ કડક વલણથી ઘર ખરીદદારોનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

આને કહેવાય ''જાગો ગ્રાહક જાગો'' આ છે ગ્રાહકની જાગૃતિ.

### સરકારે પાંચ વર્ષમાં પેટ્રોલ થકીધૂમ કમાણી કરી કે

# જ્યારે દેશમાં મોંઘવારીનો મહારાક્ષસ હટ્ટહાસ્ય કરી રહ્યો છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અમેરિકા-ઈરાન યુધ્ધને કારણે સમગ્ર વિશ્વમાં પેટ્રોલ,ડીઝલ,ગેસના ભાવ વધ્યા છે અને મોદી સરકારે છેક હમણાં ચારેક રૂપિયા વધારીને પેટ્રોલને ૧૦૦ રૂપિયા સુધી પહોંચાડયું છે. પણ તર્ક વાહિયાત એટલા માટે છે કે જ્યારે આખી દુનિયામાં ભાવ ઓછો હતો ત્યારે એટલે કે યુદ્ધ પહેલાના પાંચેક વર્ષથી આપણી સરકાર યુધ્ધ જેટલો તનતોડ ભાવ લઈ રહી હતી. પરંતુ આવી સાચી હકીકત જાણીને સરકારને સવાલ પૂછવાની હામ કે તર્કશક્તિ અંધભક્તોમાં રહી જ ક્યાં છે? તેમને તો બસ એમના શાસકો ધર્મરૂપી ઘેનના ઈન્જેક્શન માર્યે રાખે છે. અને ભક્તો ઝૂમી ઝૂમીને તાળીઓ પાડે છે. જેથી ભક્તોનું ધ્યાન ભટકે છે અને સરકારના કોઈ ગુણદોષ દેખાતા નથી અને અધૂરામાં પૂરો મતોથી ઝોળી પણ છલકાઈ જાય છે. નહીંતર કોઈક તો એવું હોત કે જે સરકારને સવાલ કરત કે જ્યારે ઓઈલ ૧૧૩ ડોલર પ્રતિ બેરલ હતું ત્યારે કેમ ૭૦ રૂપિયાની અંદર પેટ્રોલ મળતું હતું અને છેલ્લે જ્યારે ઓઈલ ૭૦ ડોલર પ્રતિ બેરલ હતું ત્યારે કેમ ૯૫ રૂપિયા લિટર પેટ્રોલ વેચાતું હતું?

આવા તો અનેક સવાલો જ્યારે પ્રજાના જનમાનસમાં ઘૂમી રહ્યા છે ત્યારે દેશના મુખ્ય ન્યાયાધીશે યુવાનો મુદ્દે જે ટિપ્પણી કરી અને ત્યારબાદ કોઈ યુવાએ કોકરોચ જનતા પાર્ટીની રચના કરી ત્યારે ઘણાયને ગતકડુ લાગ્યું હશે. પરંતુ જ્યારે આ પાર્ટીના બે કરોડથી વધુ ફોલોઅર્સ થઈ ગયા અને રાતોરાત લાખો સભ્યો બની ગયા ત્યારે આ કોઈ સામાન્ય બાબત નથી પરંતુ દેશમાં આવનારી આંધી પહેલાની આહટ જેવું જણાઈ રહ્યું છે.

સોશિયલ મીડિયાના આજના યુગમાં ચીહઢની બોલબાલા છે. નેપાળથી માંડીને નોર્વે સુધી આ જનરેશનનો જલ્વો દેખાઈ રહ્યો છે ત્યારે છેલ્લા કેટલાયે વર્ષોથી અસહ્ય મોંઘવારી અને બેરોજગારીથી પીડાઈ રહેલા કરોડો નાગરિકો કોઈ આશાનું કિરણ શોધી રહ્યા છે. જેનો પુરાવો કોકરોચ જનતા પાર્ટીને તાત્કાલિક મળેલી જબરદસ્ત સફળતા છે. ઘણાયને ભલે આમાં મજાક કે કટાક્ષનું તત્વ દેખાતું હોય પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી જે રીતે મોંઘવારી ફાટીને ધુમાડે ગઈ છે અને બેરોજગારી, છટણી તથા દરેક ધંધા-વેપારમાં મંદી વિગેરેથી દેશના કરોડો લોકો માટે સામાન્ય જીવન જીવવું પણ મુશ્કેલ પડી રહ્યું છે ત્યારે સરકાર પ્રજાહિતમાં યોગ્ય પગલા ભરે એ જ ઈચ્છનીય છે.

### પોલીસ કર્મીઓની બદલીની ભલામણો છેલ્લા ૩-૪ મહિનાથી ડીજી કચેરીમાં બદલીની રાહ જોઈ બેઠી છે

# ગૃહ વિભાગની ભલામણો હોવા છતાં પોલીસ કર્મીઓની બદલીઓ પોલીસ વિભાગ દ્વારા કેમ કરવામાં આવતી નથી?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજ્ય સરકારના દરેક સરકારી વિભાગોમાં વિભાગ દ્વારા અવાર નવાર નિયમો અનુસાર બદલીઓ થતી હોય છે. હમણાં નજીકના સમયગાળામાં જ કેટલાક આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની સરકાર દ્વારા બદલીઓ કરવામાં આવી હતી.

ત્યારે સરકારના એક વિભાગ કે જે ગૃહ વિભાગમાં વિભાગની ભલામણો હોવા છતાં પોલીસ કર્મીઓની પોલીસ વિભાગ દ્વારા બદલીઓ કરવામાં ન આવતા પોલીસ કર્મીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. નવાઈની વાત તો એ છે કે જે પોલીસ કર્મીઓની બદલીની જવાબદારી છે તેવા પોલીસ મહાનિરીક્ષક મીડીયાને મળવાનુ ટાળી દેતા કેટલીક શંકાઓ ઉદભવી રહી છે. આ અંગે રાજયના પોલીસવડા પણ કહી ચુકયા છે કે બદલીઓનો નિર્ણય કમિટીમાં લેવાય છે. કમિટી કયારે બેસાડવામાં આવે છે તે અંગેના સવાલના જવાબમાં પોલીસવડાશ્રીએ કહ્યુ હતુ કે કમિટી કયારે બેસાડવી તે પોલીસ મહાનિરીક્ષક એડમીન દ્વારા નકકી કરવામાં આવતુ હોય છે.

સરકારના સામાન્ય વહિવટી વિભાગના નિયમો અનુસાર કોઈપણ કર્મચારી કે અધિકારીને ૩ વરસથી વધુ સમયગાળો થયો હોય તો તેની બદલી કરવી જોઈએ પરંતુ અહીંયા તો ૩ વરસથી વધુનો સમયગાળો થવા છતાંય અને તેમાંય ગૃહ વિભાગના અભિપ્રાય આધારે બદલી કરવાની હોય તેમ છતાં પોલીસકર્મીઓની બદલીઓ કરવામાં ન આવતા પોલીસકર્મીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૃહ વિભાગ એવા પોલીસ કર્મીઓની ભલામણો છે કે જે ગંભીર રોગ થી પીડાતા પરીવારજનો તેમજ સામાજિક કારણોસરથી પીડાતા પોલીસકર્મીઓની ભલામણો ગૃહ વિભાગ દ્વારા થયેલી છે. ત્યારે રાજયના પોલીસવડા દ્વારા માનવીય અભિગમ અપનાવી આ પોલીસકર્મીઓની બદલીઓ કરવામાં આવે તેવી પોલીસ કર્મીઓના પરીવારજનોની માંગ ઉઠવા પામી છે. એક પોલીસ કર્મીએ તો સીવીલ હોસ્પીટલનુ મેડીકલ સર્ટી, પુરાવા તરીકે રજુ કરેલ હોવા છતાં બદલી ધ્યાને લેવામાં આવતી નથી, ત્યારે માનવતાના ધોરણે બદલી



માંગનાર પોલીસ કર્મચારીઓની રજુઆતો ધ્યાને લેવામાં આવે તેવી પોલીસ કર્મીઓના પરીવારજનોની માંગ ઉઠવા પામી છે.

# ડીઝલની ભારે અછતથી મીઠાના ઉદ્યોગને ફટકો: લાખો લોકોની રોજીરોટી પર લટકતી તલવાર

### એક દિવસ કલાકો લાઈનમાં ઉભા રહી ટ્રકોમાં ડીઝલ પુરાવાય છે : બીજા દિવસે મીઠાનુ પરીવહન કરાય છે : કચ્છમાં મીઠાના ૭૦ થી ૭૫ હજાર ટનની સામે હાલ માંડ ૩૦ હજાર ટનનુ પરીવહન

પ્રતિનિધિ,ગાંધીનગર

સીરામીક, ટેક્ષટાઈલ, કેમીકલ, પ્લાસ્ટીક, હોટેલ અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ બાદ હવે ઈંધણની કટોકટી હજારો અગરીયાઓની મહેનત અને મીઠા ઉદ્યોગને પણ લુણો લગાડી રહી છે. કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, પાટણ જિલ્લાના અગરોમાં લાખો ટન પકવેલુ મીઠુ તૈયાર છે, પરંતુ ડીઝલની અછતના લીધે અગરોમાંથી માંડ ૫૦ ટકા મીઠાનુ પરીવહન થઈ રહ્યુ છે.




જેથી મીઠા ઉદ્યોગને ૨૫૦ કરોડનો ફટકો તેમજ ૫૦ હજાર થી ૧ લાખ લોકોની રોજીરોટી પર સંકટ તોળાઈ રહ્યુ છે. એક બાજુ કચ્છના નાના રણ, સાંતલપુર, રાધનપુર, માળીયા, ખારાઘોડા, આડેસર, ધ્રાંગધ્રા, હળવદ ના ગામોમાં લાખો ટન પકવાયેલુ મીઠુ તૈયાર પડયુ છે. પરંતુ ડીઝલની અછતને લીધે રોડ રસ્તા પર દોડતા ટ્રાન્સપોર્ટના વાહનોની સંખ્યા લગભગ અડધી થઈ ગઈ છે. જેના લીધે મીઠાનુ પરીવહન ઘટીને ૫૦ ટકા થઈ ગયુ છે. માત્ર કચ્છમાં જ વરસે ૬૦ લાખ ટન મીઠાનુ ઉત્પાદન થતુ હોય છે. ત્યારે મીઠાનો જથ્થો પડયો રહેતા અગરીયા બીજુ વધારાનુ મીઠુ પકવી શકતા નથી, ઉપરાંત આગામી દિવસોમાં સ્થિતિ સુધરે નહી તો પહેલા વરસાદમાં જ લાખો ટન મીઠુ ધોવાઈ જશે.

સમયસર કારખાના સુધી મીઠુ નહી પહોચે તો મીઠાના ઉદ્યોગને આશરે ૨૫૦ કરોડનો ફટકો પડી શકે છે. તેમજ ૮ મહિનાથી મીઠુ પકવતા રાજયના ૧૫ હજાર અગરીયાઓના પરીવાર સહિત ૫૦ હજારથી ૧ લાખ લોકોની રોજી રોટી જોખમમાં મુકાઈ ગઈ છે. તો બીજી તરફ કેટલીક જગ્યાએ વગદારો દ્વારા વધારે પૈસા ચુકવી ડીઝલનો જથ્થો ખરીદી લેવાતો હોવાથી નાના અગરીયાઓની હાલાકી વધી રહી છે. કચ્છના નાના રણ સહિત આસપાસના વિસ્તારથી સામાન્ય રીતે રોજે રોજ ૭૦ થી ૭૫ હજાર ટન મીઠાનુ પરીવહન થતુ હોય છે, ત્યારે સુત્રોના જણાવ્યા અનુસાર હાલ માત્ર ૫૦ ટકા એટલે કે ૩૦ થી ૩૫ હજાર ટન મીઠાનુ પરીવહન થઈ રહ્યુ છે. પહેલા વરસાદ સુધી આ સ્થિતિ યથાવત રહી તો લાખો ટન મીઠુ ધોવાઈ જશે અને એક અગરીયા પરીવારને ૫૦ હજારથી વધુ નુ નુકશાન થવાનુ જોખમ છે.

કચ્છમાં જ આવા ૧૦ હજાર અગરીયા પરીવાર છે. મોરબીના માળીયા સહિત આસપાસના વિસ્તારમાંથી પણ મીઠાના પરીવહનને માઠી અસર પડી છે. મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા સુત્રોના કહેવા પ્રમાણે એક દિવસ ટ્રકો લાઈનમાં ઉભા રાખીને વાહનમાં ડીઝલ પુરાવાય છે. કલાકો ઉભા રહ્યા બાદ માંડ ૫૦ લીટર જેટલુ ડીઝલ મળે છે. જેના કારણે બીજા દિવસે પકવેલા મીઠાનો જથ્થો આસપાસના કારખાનામાં પહોચાડવામાં આવે છે. ઉપરાંત ટ્રાન્સપોર્ટના વાહનોનુ ભાડુ પણ ૨૦ થી ૨૫ ટકા જેટલુ વધી ગયુ છે.

# હિંમતનગર-વિજાપુર રોડ પર નવાનગર પાટીયા નજીક રૂ.૫ લાખથી વધુના મુદ્દામાલ સાથે વિદેશી દારૂ ઝડપી લેતી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ એકશન મોડમાં આવી ગયા હોય તેમ જયારથી જિલ્લામાં બદલીથી આવ્યા છે ત્યારથી બુટલેગરોની ઉંઘ હરામ કરી નાંખી છે, જિલ્લાના ટ્રાયબલ વિસ્તાર વિજયનગર તાલુકાના ચિતરીયા ગામે પેટા ચુંટણી હોવાથી તેમજ વિજયનગર તાલુકો રાજસ્થાન બોર્ડરને અડીને આવેલ હોવાથી જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવવા માટે જિલ્લામાં ઠેર ઠેર નાકાબંધી કરવાના પોલીસને આપેલા સુચનોને લઈ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ ડી સી સાકરીયા સહિતની ટીમ નાકાબંધીમાં હતી. તે દરમિયાન હે.કો. નિરીલકુમાર ને ખાનગી બાતમી મળી હતી જે બાતમી આધારે આજે રવિવારે સવારે એક સફેદ કલરની નંબરપ્લેટ વગરની સેલેરીયો કાર હિંમતનગર-વિજાપુર રોડ ઉપર પુર ઝડપે પસાર થઈ રહી હતી, ત્યારે કારનો પીછો કરી નવાનગર પાટીયા નજીક કારને રોકી તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂ સહિત બીયરની બોટલો નંગ-૧૧૧૬ કિં. રૂા. ૨,૭૧,૫૩૬, મોબાઈલ નંગ-૨ કિ.રૂ.૧૦ હજાર, સેલેરીયો કાર કિં.રૂ. ૩ લાખ મળી કુલ ૫,૮૧,૫૩૬ ના મુદ્દામાલ સાથે આરોપી બુટલેગરને ઝડપી લીધો હતો. આરોપીને ઝડપી લઈ પુછપરછ કરતા તેણે પોતાનુ નામ રાકેશ ઉર્ફે રફતાર શંભુભાઈ સોમાભાઈ હોથા રહે. અણસોલ તા.શામળાજી ભિલોડા હોવાનુ જણાવ્યુ હતું. પોલીસે કડકાઈથી પુછપરછ કરતા આ વિદેશી દારૂ રાજસ્થાન વિછીંવાડાના કનૈયાલાલ ઉર્ફે કનુ એ મોકલ્યો હોવાનુ જણાવ્યુ હતું. આરોપી શખ્સે આ દારૂ માણસા તરફ લઈ જવાનો હોવાનુ જણાવતા પોલીસે દારૂ મોકલનાર અને લેનાર બંને ફરાર શખ્સોને ઝડપી લેવાના ચક્રોગતિમાન કર્યા છે.





# અમરેલી જિલ્લામાં બબ્બે સાંસદો હોવા છતાં લાઠી પાસે એક શબવાહિની પણ નહીં: અકસ્માતમાં ૩ ના મોત બાદ મૃતદેહો ટ્રેકટરમાં લઈ જવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી જિલ્લાના લાઠી નજીક ગઈ કાલે એક ખાનગી બસ અને કાર વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ૩ મુસાફરોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા. આ ગોઝારી ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અકસ્માતની આ દુ:ખદ ઘટના બાદ સ્થાનિક વહિવટી તંત્ર અને રાજકીય નેતાઓની બેદરકારી જોવા મળી હતી. ૩ લોકોના મોત થયા બાદ ઘટનાસ્થળે મૃતદેહોને હોસ્પિટલ પહોચાડવા માટે લાઠી માં કોઈ શબવાહિની ઉપલબ્ધ ન હતી, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.



મળતી માહિતી અનુસાર અકસ્માતમાં ૩ લોકોના મોત થયા બાદ ઘટનાસ્થળે મૃતદેહોને હોસ્પિટલ પહોચાડવા માટે લાઠી માં કોઈ શબવાહિની ઉપલબ્ધ ન હતી, અંતે ભારે લાચારી વચ્ચે ત્રણેય મૃતદેહોને એક ટ્રેકટર પાછળ ટ્રોલીમાં મુકીને લઈ જવાની ફરજ પડી હતી. આ હ્રદયદ્રાવક દ્રશ્યો સામે આવતા જ સ્થાનિકોમાં ગુસ્સો ફાટી નિકળ્યો હતો અને લોકોએ વહિવટી તંત્રની નકામી વ્યવસ્થા સામે આક્રોશ વ્યકત કર્યો હતો. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે અમરેલી જિલ્લામાં બબ્બે સાંસદો હોવા છતાં લાઠી જેવા વિસ્તારમાં એક શબવાહિની સુધીની સુવિધા નથી, આ એ જ લાઠી પંથક છે જે રાજયને સૌથી વધુ કરોડપતિ ઉદ્યોગપતિઓ આપે છે. ડીઝીટલ ઈન્ડીયા અને વિકાસની મોટી મોટી વાતો વચ્ચે આ વિસ્તારના રાજનેતાઓ અને ઉદ્યોગપતિઓ લાઠી ને એક શબવાહિની પણ આપી શકયા નથી તે અત્યંત શરમજનક બાબત છે,

રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા, અમરેલી લોકસભાના સાંસદ ભરત સુતરીયા અને સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયા જેવા દિગ્ગજો સત્તા પર હોવા છતાં લાઠીની જનતાને આવી કપરી સ્થિતિમાં અમાનવીય પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ઘટના બાદ લાઠી પંથકના લોકો દ્વારા સોશીયલ મીડીયા અને સ્થાનિક સ્તરે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. સ્થાનિકોએ એકસુરે વહિવટી તંત્ર અને રાજકીય પદાધિકારીઓને વિનંતીસહ ચેતવણી આપી હતી કે લાઠીને તાત્કાલીક ધોરણે સુવિધા સજજ શબવાહિની ફાળવવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ પરીવારના સ્વજનના મૃતદેહની આ પ્રકારે અવદશા ન થાય.

# આણંદ જિલ્લા પંચાયતમાં છેલ્લી ઘડીએ દાવ થઈ ગયો: જિલ્લા પંચાયતમાં ભાજપના ઉમેદવાર પાસેથી સત્તા સરકીને કોંગ્રેસ પાસે ગઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદની ચુંટણીને લઈને મોટો રાજકીય વળાંક આવ્યો હતો. ભાજપના ઉમેદવારનુ ઉમેદવારી ફોર્મ રદ થતા કોંગ્રેસ માટે જીતનો રસ્તો સાફ થયો હતો. ફોર્મ ચકાસણી દરમિયાન જાતિ પ્રમાણપત્ર મુદ્દે વિવાદ ઉભો થયો હતો. ત્યારબાદ કોંગ્રેસના ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.




આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ પદ માટે ભાજપના ઉમેદવાર મયુરી પટેલ દ્વારા મહારાષ્ટ્ર સરકારનુ અનામત જાતિ પ્રમાણપત્ર રજુ કરવામાં આવ્યુ હતું. ફોર્મ ચકાસણી દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીએ બંને પક્ષોના વકીલોની દલીલો સાંભળી હતી.

ત્યારબાદ ગુજરાત સરકારના નિયમો મુજબ અન્ય રાજયોનુ અનામત જાતિ પ્રમાણપત્ર માન્ય ન ગણાતા ભાજપના ઉમેદવારનુ ફોર્મ રદ કરવામાં આવ્યુ હતું. તો બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબેન તડવીનુ ફોર્મ માન્ય રાખવામાં આવતા કોંગ્રેસના ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ભાજપના ઉમેદવારનુ ફોર્મ રદ થતા કોંગ્રેસની છાવણીમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો અને કાર્યકરોમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે અનુસુચિત જનજાતિ અનામત બેઠક છે. જિલ્લા પંચાયતમાં ૪૦ બેઠકો પૈકી ૩૩ બેઠકો પર ભાજપના ઉમેદવાર અને ૭ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારો વિજેતા થયા હતા. જેથી ભાજપે બહુમતી મેળવી હતી. પરંતુ જિલ્લા પંચાયતની હાડગુડ અનુસુચિત જનજાતિ બેઠક પર કોંગ્રેસના ગૌરીબેન તડવી ચુંટાઈ આવતા જિલ્લા પંચાયતમાં બહુમતી ભાજપની જયારે પ્રમુખ કોંગ્રેસ ના ચુંટાય તેમ હતા. ત્યારે ભાજપે સારસાની જનરલ બેઠક પરથી વિજેતા અનુસુચિત જાતિના ઉમેદવાર મયુરીબેન પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. આ વિશે ડીડીઓ દેવાહુતીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે મયુરીબેન મુળ મહારાષ્ટ્રના આદિવાસી છે અને તેઓએ પટેલ જ્ઞાતિમાં લગ્ન કર્યા છે. જેથી તેઓ મહારાષ્ટ્રથી સ્થળાંતર કરી ગુજરાતમાં આવ્યા હોય તેઓનુ મહારાષ્ટ્રનુ જાતિ પ્રમાણપત્ર અમાન્ય ઠેરવ્યુ હતું, અને જેના આધારે ભાજપના મયુરીબેનનુ ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યુ હતું.

# વિજાપુરના મોતીપુરા ગામ પાસે અકસ્માત: બેફામ કાર ચાલકે બાઈક-એક્ટિવાને ઉલાળ્યાં, ૨નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા જિલ્લાના વિજાપુર રોડ પર ફરી એકવાર સ્પીડ અને બેદરકારીનો ભયંકર ખેલ જોવા મળ્યો છે. વિજાપુરના મોતીપુરા ગામ પાસે એક બેફામ સ્પીડે આવી રહેલી કારે બાઈક અને એક્ટિવા સવાર લોકોને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૨ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા છે.મળતી માહિતી અનુસાર, એક કાર રાજસ્થાન તરફથી પૂરપાટ ઝડપે વિજાપુર તરફ આવી રહી હતી. મોતીપુરા ગામ નજીક પહોંચતા જ કાર ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો અને સામેથી આવી રહેલા બે સ્કૂટર (બાઈક અને એક્ટિવા) ને અડફેટે લીધા હતા. કારની સ્પીડ એટલી પ્રચંડ હતી કે ટક્કર વાગતા જ બાઈક અને એક્ટિવા બંને રોડની સાઈડમાં આવેલા ખેતરમાં જઈને ઘૂસી ગયા હતા. આ કાળઝાળ અકસ્માતમાં ઘટનાસ્થળે જ ચીસાચીસ અને લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. અકસ્માતમાં કારના ડ્રાઈવર સહિત કુલ ૨ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. કારમાં સવાર અન્ય ૮ મુસાફરોને નાની-મોટી અને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો તરત જ મદદ માટે દોડી આવ્યા હતા. તમામ ૮ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે વિજાપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં ડોકટરો દ્વારા તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતકોના શબને પીએમ માટે મોકલી આપ્યા છે અને ટ્રાફિક હળવો કરીને અકસ્માતગ્રસ્ત વાહનોને રોડ પરથી હટાવવાની કામગીરી કરી હતી.